Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

सर्वान् पश्यन्तु बन्धूनिव जगति जना भेदबुद्धिं विहाय
स्थाने पात्रे च कर्तुं वितरणमसकृच्चास्तु बुद्धिर्धनस्य ॥
दीने नम्रा भवन्तु प्रखरधनवतामग्रगण्या हि शश्वद् ।
'आत्मानन्द प्रकाशं' विदधतु हृदये श्रीजिनः श्रावकानाम् ॥

पु० २३ मुं | वीर सं. २४५२. वैशाख आत्म सं. ३० | अंक १० मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर

## વિષયાનુક્રમણિકા.


| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ એક અમુલુ-નાવ.... ... | ૨૩૧ | ૭ જૈન અતિહાસિક શિક્ષણો... | ૨૪૭ |
| ૨ પરમેષ્ઠિ ગુણ સંક્ષિપ્ત વિવરણ. | ૨૩૨. | ૮ જીંદગીની છેલ્લી ઘડી-પ્રયાણ. | ૨૫૦ |
| ૩ વિશ્વરચના પ્રબંધ... ... | ૨૩૩ | ૯ દિવ્ય ફુલડાં... ... ... | ૨૫૧ |
| ૪ પરોપકાર. ... ... ... | ૨૩૯ | ૧૦ વર્તમાન સમાચાર. ... | ૨૫૨ |
| ૫ ગાર્હસ્થ્ય જીવન. ... ... | ૨૪૦ | ૧૧ ગ્રંથાવલોકન. ... ... | ૨૫૩ |
| ૬ ધર્મરત્નને યોગ્ય કોણ હોઇ શકે? | ૨૪૪ | ૧૨ સાભાર સ્વીકાર. ... ... | ૨૫૪ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારા સુજ્ઞ ગ્રાહકોને ખુશખબર.

ચાલતા આત્માનંદ પ્રકાશ પુ૦ ૨૩ તથા હવે પછીના પુસ્તક ૨૪ માં બંને વર્ષની ચાલુ નિયમ પ્રમાણે બે વર્ષની ભેટની બુક શ્રી ધર્મરત્નપ્રકરણ જેમાં શ્રાવકના ઉત્તમોત્તમ એકત્રીશ ગુણનું વર્ણન અનેક રસમય, બોધક કથાઓ સાથે આવેલ છે. તે ગ્રંથ ( ખાસ શ્રાવક ઉપયોગી હોવાથી ) આપવાનું નક્કી થયેલ છે. વીશ ફોર્મનો આ ગ્રંથ અમારા માનવંતા ગ્રાહકોને ભેટ તરીકે આપવાની આ સભાએ ( સાહિત્ય પ્રચારના ઉત્તમ હેતુને લઇ ) ઉદારતા બતાવી છે. અમારા ગ્રાહકોને દર વર્ષે ઉત્તરોત્તર ઉચ્ચ કોટીના ગ્રંથો ભેટ આપવામાં આવે છે તે ગ્રાહકોની ધ્યાનમાંજ છે. વી૦ પી૦ ના ખર્ચ તથા મહેનતનો પણ બે વર્ષની સાથે ભેટ આપવાથી ગ્રાહકોને લાભ થાય તે હેતુ છે. ગ્રંથની ઉપયોગીતા માટે વધારે લખવા કરતાં વાચકવર્ગ વાંચીનેજ જાણી શકશે. જેઠ માસથી ગ્રાહકોને લવાજમ વસુલ કરવા વી૦ પી૦ રવાના કરવામાં આવશે. મહેરબાની કરી દરેક ગ્રાહક સ્વીકારી લેશે એમ વિનંતિ છે. ગ્રાહક સિવાયના બંધુઓને રૂા. ૧-૪-૦ થી તે બુક મળી શકશે. જેઠ માસ પહેલાં નામ નોંધવનારને રૂા. ૧-૦-૦ ( પોસ્ટેજ જુદું ) લેવામાં આવશે.

---

## ! બંધુઓ માટે ખાસ નવા વાંચવા યોગ્ય ઉત્તમ ગ્રંથો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પંચપરમેષ્ઠી ગુણમાળા. | ૧-૮-૦ | ૧૦ | સંબોધસત્તરી–જૈનતત્ત્વજ્ઞાનનો અપૂર્વ ગ્રંથ. | ૧-૦-૦ |
| ૨ | સુમુખનૃપાદિ કથા. | ૧-૦-૦ | ૧૧ | શ્રી ઉપદેશ સપ્તિકા ઐતિહાસિક કથા ગ્રંથ. | ૧-૦-૦ |
| ૩ | શ્રી નેમનાથ ચરિત્ર | ૨-૦-૦ | ૧૨ | શ્રીવિવિધ પૂજા સંગ્રહ. | ૧-૮-૦ |
| ૪ | શ્રીસુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧ લો. | ૨-૦-૦ | ૧૩ | આદર્શ જૈન સ્રીરત્નો. | ૧-૦-૦ |
| ૫ | શ્રીસુપાર્શ્વનાથ ચરિત્ર બીજો ભાગ. | ૨-૮-૦ | ૧૪ | શ્રી દાન પ્રદીપ–દાનનું અદ્‌ભુત કથાઓ સહિત વર્ણન. | ૩-૦-૦ |
| ૬ | આત્મ પ્રબોધ. | ૨-૮-૦ | ૧૫ | નવપદ પૂજા અર્થ સહિત | ૧-૪-૦ |
| ૭ | શ્રાદ્ધગુણ વિવરણ શ્રાવકોપયોગી. | ૧-૮-૦ | | | |
| ૮ | શ્રી જંબુસ્વામી ચરિત્ર આદર્શ. | ૦-૮-૦ | | | |
| ૯ | શ્રીચંપકમાલા સતી આદર્શચરિત્ર | ૦-૮-૦ | | | |

---

# શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ( ભાષાંતર ).

## ભાગ ૧ લો તથા ભાગ ૨ જો.

### ( અનુવાદક:—આચાર્ય મહારાજ શ્રી અજીતસાગરજી. )

પ્રભુના કલ્યાણકો અને દેવોએ તે વખતે કરેલ અપૂર્વ ભક્તિનું વિસ્તારપૂર્વક વર્ણન શ્રીસુપાર્શ્વનાથ પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી અનેક સ્થળે વિચરી ભવ્યજીવોને આપેલ ઉપદેશ, અનેક કથાઓ, શ્રાવક જનોને પાળવા લાયક વ્રતો અને તેના અતિચારો વિગેરેનું વર્ણન ઘણુંજ વિશાળ રીતે આપેલ છે. આ કથાના ગ્રંથોમાં બુદ્ધિનો મહિમા–સ્વભાવનું વિવેચન, અદ્‌ભૂત તત્ત્વવાદનું વર્ણન, લૌકિક આચાર, વ્યવહાર, સામાજીક પ્રવૃત્તિ, રાજકીય પારસ્થિતિ, ધાર્મિક પ્રભાવ તથા નૈતિક જીવન વગેરે તત્ત્વનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. એકંદર આ ગ્રંથ માનવજીવનનો માર્ગદર્શક, જૈન દર્શનના આચારવિચારનું ભાન કરાવનાર એક પ્રબળ સાધનરૂપ છે.

ઉંચા રેશમી કપડાના પાકા બાઇન્ડીંગના એક હજાર પાનાના આ બે ગ્રંથની કિંમત રૂા. ૪-૮-૦ પોસ્ટ ખર્ચ જુદો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

का अरई ? के आणंदे ? इत्थं पि अग्गहे चरे, सव्वं हासं परिच्चज्ज आलीणगुत्तो परिव्वए । पुरिसा ! तुममेव तुमं मित्तं किं वहियामित्तमिच्छसि ? । जं जाणिज्जा उच्चालइयं तं जाणिज्जा दूरालइयं, जं जाणिज्जा दूरालइयं तं जाणिज्जा उच्चालइयं । पुरिसा ! अत्ताणमेव अभिनिगिज्झ, एवं दुक्खा पमुच्चसि । पुरिसा ! सच्चमेव समभिजाणाहि, सच्चस्साणाए उवट्ठिए से मेहावी मारं तरइ । सहिओ धम्ममायाय सेयं समणुपस्सइ ॥

आचाराङ्गसूत्रम् ।

पुस्तक २३ मुं. { वीर संवत् २४५२. वैशाख, आत्मसंवत् ३०. } अंक १०मो.

## " एक. अमुलु—नाव. "

( १ )

તુઝ ! પૂર્ણ પૂન્ય પ્રભાવથી ફલ પ્રાપ્તિનો શુભ દાવ જ્યાં,
ભવ વારિધિ તરવા મલે માનવ **અમુલુ નાવ** ત્યાં;
તરી પાર જાવા કાજ કર પુરૂષાર્થ ગુરૂગમ મેળવી,
કરવી સફલ આ **સફર** ભ્રાતુ ! સાધ્ય સુંદર કેળવી.

( ૨ )

છે માર્ગ મનહર સાધ્યનો, યોગી ગૃહિના ભેદથી,
કર સાધના યમ નિયમ વૃતની પાત્ર યોગ્ય પ્રમાણુથી;
સમ્યકત્વ ધ્રુ કાંટો અને સુકાન જ્ઞાન તણું હશે,
મંગલ પ્રયાણુ અમાપ આનંદ માર્ગમાં પ્રકટાવશે.

( ૩ )

એ યાન ! માનવ ! આજ તુઝ સદ્ભાગ્ય પૂરણથી મલ્યું,
છે કામ ઘટ ચિન્તામણી વા કલ્પ તરૂ સહેજે ફલ્યું;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર સમયનું સાર્થક હુવે કટીબદ્ધ થા નિજ કાર્યમાં,
ઇપ્સિત સિદ્ધિ કારણે આ વખત વ્યર્થ ગુમાવમાં.

**વેલચંદ ધનજી.**

# પરમેષ્ટિ ગુણ સંક્ષિપ્ત વિવરણ.

## ' * મુનિ ગુણ વર્ણન. '

( આવો આવો પાસજી મુજ મળીયારે;—એ દેશી. )

ભવિ તુમે પંચમ પદ મુનિ વંદોરે, જેથી પામિયે પરમાનંદો. ભ૦
મુનિ પંચ મહાવ્રત ધારીરે, વલી રયણિ ભોજન વારીરે;
શુભ છ કાય રક્ષા કારી. ભવિ૦ ૧
પાંચ ઇંદ્રિયને વશ કરતારે, નિત્ય લોભ અરિ પરિહુરતારે;
અહનિશ ક્ષમા મન ધરતા. ભવિ૦ ૨
ચિત્ત નિર્મલ રાખે સદાયરે, કરે પડિલેહણ સુખદાયરે;
સંયમ યોગે ચિત્ત લાય. ભવિ૦ ૩
કુમાર્ગથી યોગત્રિ[1] વારિરે, સહે પરિસહ જે દુઃખકારીરે;
ઉપસર્ગ સહે અતિભારી. ભવિ૦ ૪
ઇમ સપ્તવિંશ ગુણ ધારીરે, મુનિવર મહા મંગલકારીરે;
*વિના એ ગુણ કુગુરૂ ધારી. ભવિ૦ ૫
નહીં એ સમ જગ ઉપગારીરે, જસ શરણ અતિ હિતકારીરે;
ગ્રહિ શરણ લહો ભવ પારી. ભવિ૦ ૬

દોહરો.

જીન સિદ્ધસૂરિ પાઠક મુનિ, એ પાંચે સુખકાર;
એહ તણા ગુણ વર્ણવ્યા, અલ્પ મતિ અનુસાર. ૧

* પાંચ મહાવ્રત ધારી અને રાત્રી ભોજનનો ત્યાગ તેથીએ છ, પાંચ ઇંદ્રિયોને જીતનારા તેથી પાંચ તથા છકાય જીવોનું રક્ષણ કરવું માટે એ છ ગુણ મળી સત્તર થયા. તે સાથે લોભનો નિગ્રહ ક્ષમાનું ધારણ કરવું, ચિત્તની નિર્મળતા રાખવી, અને વસ્ત્ર વગેરે પડિલેહણા કરવી એ ચાર મેળવતાં એકવિશ ગુણો થયા. વલી સંયમયોગમાં પ્રવર્ત્તવું મલી બાવીશ થયા તે સાથે મન, વચન, અને કાયાને કુમાર્ગે જતાં રોકવા તેથી એ ત્રણ, અને શીતાદિ પરિસહ, અને મરણાદિ ઉપસર્ગો, સહન કરવા એ બે મલી—પાંચ મેળવતાં કુલ સત્તાવીશ ગુણો સાધુજીના જાણવા.

૧ ત્રણ યોગ—મન, વચન, અને કાયા.

* આ સત્તાવીશ ગુણો સિવાયના કુગુરૂ સમજવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એહમાં મુજ અજ્ઞાનથી, જે દુષણ દેખાય;
સહુ આગે તેની ચહુ, માફી મન વચ કાય. ૨

ભાઇ ઝવેર છગનલાલ—સુરવાડા.

# વિશ્વ રચના પ્રબંધ.

## નિવેદન ૧૪ મું.

( ગતાંક પૃષ્ટ ૨૦૮ થી શરૂ. )

વિશ્વ અનાદિ અને સ્થિર છે ત્યારે ચંદ્ર સૂર્ય અનાદિ કાલથી ભ્રમણશીલ છે તેને ભમવા માટે કયો માર્ગ છે તે તપાસીએ ×૪૪ પ્રાચિન ગ્રંથો કહે છે કે—

પ્રમાણાંગુલે લાખ યોજન લાંબા ચોડા જંબુદ્વીપમાં મેરૂ નામે લાખ યોજન ઉંચો પર્વત છે તે આપણાથી ઉત્તરે છે. સૂર્ય ચંદ્ર ગ્રહ નક્ષત્ર તારા વગેરે તેની આસપાસ પોતપોતાની કક્ષામાં રહે છે. મેરૂની નજીકમાં જ ધ્રુ તારાનું સ્થાન છે. પાશ્ચિમાત્ય વિદ્વાનો તેને સ્થિર કહે છે.+૪૫ પણ બારિક નિરીક્ષણથી તે પણ ગતિ-

+૪૪ આંગુલ ત્રણ પ્રકારના છે. દરેક કાલમાં વર્તમાન કાળના મનુષ્યોના આંગલાથી માપ થાય તેને સ્વાત્માંગુલ કહેવાય છે ૧. ચાલુ માપથી ૪૦૦ ગણા લાંબા ૨ાા ગણા પહોળાં આંગલાને ઉત્સેધાંગુલ જાણવું ૨, ૫૦૦ ધનુષ ઉંચા માણસોના આંગલાને પ્રમાણાંગુલ કહેવાય છે ૩, ઉત્સેધાંગુલથી પણ ત્રણ પ્રકારે માપ થાય છે. સ્વાત્માગુલથી ૪૦૦ ગણું ઉર્ધ્વ ઉત્સેધાંગુલ ૧ ૨ાા ગણું આડું ઉત્સેધાંગુલ ૨ ને હજારગણું શુચિ પ્રમાણ ઉત્સેધાંગુલ જાણવું.

અહિં આડા ઉત્સેધાંગુલનું માપ જાણવું, એમ પૂ. પા. શ્રી વિજયાનંદ ( આત્મારામજી મહારાજ ) સૂરિજી કહે છે.

+૪૫ પ્રાચીન ગ્રંથોની પેઠે આધુનિક ગ્રંથો પણ હવે ધ્રુવના તારાને અસ્થિર માનવાને કબુલ થયા છે.

ડ્રેસનનું ૧૯૦૧ માં મૃત્યુ થયું હતું ત્યારપછી ૧૯૧૧ માં ડી. હાર્સીએ તેના ડ્રેસોની આ ગ્રંથ છાપ્યો તેમાં લખે છે કે ઉત્તર ધ્રુવ અસ્થિર છે. પૂર્વ રાત્રિ અને ઉત્તર રાત્રિ વધેથી એ વાત ચોકસ છે. ( ચિત્ર )

સને ૧૮૫૦ માં કાશીવાસી કમલાકર જોષી સિદ્ધાંતતત્વ વિવેક ગ્રંથમાં લખે છે કે-જૂના અને નવા વેધથી ધ્રુની થોડી પણ ગતિ છે એમ નક્કી કરાય છે આવા કથનથી હજારો વર્ષના વેધ એકઠા કરી તપાસતાં ધ્રુવનો તારો પણ કોઇની આસપાસ પ્રદિક્ષણા લે છે એમ ખાત્રી થાય છે. ( ચિત્ર )

સર નારાયણ હેમચંદ્ર કહે છે કે—પૃથ્વીનો ધરીનો એક ભાગ ઉત્તર ધ્રુવ તરફ છે અને તે સ્થીર મનાય છે પણ ધ્રુવને સત્ય ( સ્થીર ) માનતાં સાવચેત રહેવું જોઇએ.

( જ્યો. ગ્રા. ૫૦ )

લોજ કહે છે કે ગ્રહોના આકર્ષણથી ધ્રુવમાં ચલવિચલતા હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાળો જણાય છે. સાંજે ચોકસ નિશાન રાખી સવારે તપાસવાથી તેનું સ્થાનાંતર શોધી શકાય છે પણ તેની અલ્પ ક્ષેત્રમાં એવી શિઘ્ર ગતિ છે કે તેનું સ્થાનાંતર સ્વભાવિક કલ્પનામાં આવી શકતું નથી. આ સંભૂતલ પૃથ્વીથી ૭૯૦ યોજન ઉંચે પ્રથમ તારા મંડળ છે. તારાના વિમાનોની એવી શીઘ્ર ગતિ છે કે દર ચોવીશ કલાકે તે પોતાના સ્થાનમાં પહોચી વળે છે. શાસ્ત્રકાર પણ કહે છે કે—णक्खत्त तेहिंतो तारा सिग्घ गति એટલે નક્ષત્રથી પણ ઉતાવળી ગતિ તારાની છે તે કારણે તેઓનું સ્થાન પરાવર્તન દૃષ્ટિગોચર નહીં આવવાથી તેઓને સ્થિર કહેવાની પણ આપણે ભૂલ કરીએ છીએ. તારાના વિમાન મંડલથી ૧૦ યોજન ઉંચે $\frac{૪૮}{૬૧}$ યોજન લાંબાને $\frac{૨૪}{૬૧}$ યોજન ચોડા સૂર્યના વિમાનો છે. આ જંબુદ્વીપને આશ્રીને જ્યોતિષ ચક્ર બેવડું છે એટલે સૂર્ય ચંદ્ર ગ્રહ વિગેરે બબ્બે છે. એક સૂર્ય જ્યાં ઉદય પામે છે, ચોવીશ કલાકે ત્યાં બીજા સૂર્યને ઉગવાનો વારો આવે છે ને પ્રથમના સૂર્યને તેજ સ્થાનની અપેક્ષાએ ફરી ઉદય પામતા ૪૮ કલાક લાગે છે. તે સૂર્યોને ફરવાની —( ચિત્ર ૧૧ મું ) ૧. ભરત ક્ષેત્ર ૨. પશ્ચિમ ભાગ ૩. ઐરાવત ક્ષેત્ર ૪. પૂર્વ મહા વિદેહ એ પ્રમાણે મુખ્ય ચાર હદ છે. એ ચારે ઠેકાણે લગભગ બાર બાર કલાક અજવાળું આપે છે. તે બન્ને સૂર્યોમાંથી જ્યારે એક સૂર્ય ભરત ક્ષેત્રમાં હોય છે ત્યારે બીજો સૂર્ય તેની સામે ઐરવત ક્ષેત્રમાં હોય છે એટલે એ બન્ને સ્થાનોમાં દિવસો હોય છે ને બંન્ને વિદેહક્ષેત્રમાં રાત્રિ હોય છે. ક્રમે ભરત અને ઐરવત ક્ષેત્રમાંથી બંન્ને સૂર્ય ચાલ્યા જતાં ત્યાં રાત્રિ પડે છે ને બન્ને મહાવિદેહ ક્ષેત્રોમાં દિવસોદય થાય છે. અહીં સમસ્ત ભરતમાં નિષધ નામના લાલપર્વતના શિખરમાંથી પૂર્વને દક્ષિણ દિશાની મધ્યમાંથી સૂર્ય આવી ઉદય પામે છે અને સૂર્ય આગળ વધી વાંકા માંડલામાં +. ૪૫ દક્ષિણ તરફ નમતો દર મૂહૂર્તે ૫૨૫૧$\frac{૨૯}{૬૦}$ યોજન કાપતો પશ્ચિમ તરફ જાય છે. સૂર્ય મધ્યપૂર્વમાંથી ઉદય પામી માથે થઇ સીદ્ધો પશ્ચિમમાં જતો નથી પણ ઉપર પ્રમાણેની વક્રગતિજ વાસ્તવિક જોઇ શકાય છે. માત્સ્યપુરાણમાં પણ કહેલ છે કે दक्षिणोपक्रमः सूर्यक्षिप्तेषुरिवगच्चति. એટલે સૂર્ય દક્ષિણમાં નમીને ફેંકેલા બાણની જેમ ગમન કરે છે. નિષધ પર્વતના શિખરો લાલ છે તેથી સવારે કે સાંજે તેના આઘાતથી–વક્રીભવનથી સૂર્યના કિરણો લાલ દેખાય છે. નિષધપર્વત ૧૬૮૪૨$\frac{૨}{૧૯}$ યોજન લાંબો છે ૪૦ યોજન ઉંચો છે અરૂણોદય કે સંધ્યા પણ તેના શિખરની આરપાર આવેલ પ્રકા-

+. ૪૫–રામાયણ. ૪/૪૦/૬૪ માં વિષ્ણુ પદ ૩ કહેલ છે. ૧ ઉદય પર્વતના સોમનસ શિખરે ૨ મેરૂપર્વતમાં ૩ જંબુમાં સિદ્ધાંત શિરોમણી ગોલાધ્યાયમાં ભાસ્કરાચાર્ય કહે છે કે–**यद्दिनिशा जनकःकनकाचल; किमुतदंतरगः सन दृष्यते. उदगयंननुमेरुरथांशुमान्, कथमुदेत्तिसदक्षिणभागके.** ॥ લો. મા. તિલકપણ સૂર્યને દક્ષિણમાં ગમન કરતો જણાવે છે આપણે પણ તેમ જોઇ શકીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શના બળથી થાય છે (છ માસના દિવસ અને રાત્રિમાં હેતુભૂત વૈતાઢય છે) સૂર્ય દક્ષિણ ગમન કરી, પશ્ચિમ તરફ નમી, તેજ નિષધ પર્વતમાં ઉદય સ્થાનથી ૬૨૬૬૩ યોજન દૂર આથમે છે ને પશ્ચિમ મહાવિદેહમાં ઉદય થાય છે. ઐરવતનો સૂર્ય પણ તેવુંજ ભ્રમણ કર્મ કરી ઐરાવતમાંથી આથમી પૂર્વ મહાવિદેહમાં ઉગે છે. બીજે દીને ભરતક્ષેત્રમાં પૂર્વ વિદેહવાલો સૂર્ય ઉગે છે ને સાંજે આથમે છે. ત્રીજે દીને પાછો મૂલ સૂર્ય ત્યાં આવી ઉગે છે. આ રીતે બન્ને સૂર્યના વિમાનો ગુરૂલઘુ પણાને લીધે તિર્છી ગતિ કરવા દૈવિક સહાયથી ભમે છે–નિરંતર ભ્રમણ કર્યા કરે છે. સૂર્ય ફરે છે કે પૃથ્વી ફરે છે તે માટે પરીક્ષા કરીએ તોપણ સૂર્ય ફરવા સંબંધેજ સત્ય તરી આવે છે. જેમકે સૂર્ય મેરૂપર્વતને મધ્યમાં રાખીને ભ્રમણ કરે છે. હવે સૂર્ય જયારે ઉદય પામે છે ત્યારે આપણું ને તેનું અંતર થોડું હોય છે ને તેથી એક કલાકમાં તે ઘણા ક્ષેત્રભાગને ઓલંઘી જાય છે એમ આપણે જોઈ શકીએ છીએ અને આપણા પડછાયામાં પણ મહાન ફેરફાર પડે છે ને જેમજેમ વધારે વખત થતો જાય છે તેમ તેમ સૂર્ય આપણી પડખેથી દૂર થતો જાય છે. જો કે તે પ્રથમની જ જેટલીજ ગતિ કરે છે, તો પણ તે દૂર હોવાને લઈને આપણે તેને દર કલાકે અલ્પ અલ્પ ક્ષેત્ર ઓળંગતો જોઈ શકીએ છીએ, તથા ૧૧ થી ૧ વાગ્યા સુધીમાંનો સૂર્યના ગમનક્ષેત્રમાં બહુ થોડોજ ફેરફાર થાય છે. પડછાયામાં પણ તેવોજ ફેરફાર થાય છે ને બપોરથી સાંજ સુધી દર કલાકે અધિકાધિક ક્ષેત્રગમનની મર્યાદા જોવામાં આવે છે. તો આથી સૂર્ય ફરવાનુંજ કબુલ કરવું પડે છે. કદાચ પૃથ્વી ફરતી હોય તો સવારથી નવ વાગ્યા સુધી, સૂર્યની ધીરી ગતિ જોઈ શકત ને આપણે રેલમાં બેઠા હોઈએ તો પાસે આવેલ ઝાડને એકદમ આપણી પાસેથી પસાર થતું જોઈ શકીએ છીએ, તેમ બપોરે સૂર્યને પણ તુરત તેના મધ્યભાગમાંથી પસાર થતો જોઈ શકત! ને સાંજે ધીરી ધીરી ગતિથી જતો જોઈ શકત, પણ તેમ બનતું નથી. વળી ધ્રુવનો તારો નક્ષત્રનું ઉદયસ્થાન અને પૃથ્વીનો કાટખુણો નીરંતર એકજ હોય છે, એટલે પૃથ્વી ફરતી નથી. તેથી ત્રણેના કાટખુણામાં જરા પણ ફેરફાર થતો નથી. એ રીતે સૂર્યજ ફરે છે એમ સાબિતિ થઈ આવે છે. સૂર્યને ભ્રમણ કરવા માટે ૧૮૪ માંડલા છે. મત્સ્યપુરાણમાં પણ अशीति मंडल शतं એટલે એકસો એંસી માંડલા છે એમ કહ્યું છે. બંન્ને સૂર્યો અભ્યંતરને બહારના માંડલાના ચારવડે કરીને ચાલે છે. જેથી અયનના ફેરફારો જોઈ શકાય છે. સૂર્ય એકેક રાશિ સાથે ૧૫ થી અધિક માંડલામાં ચાર ચરે છે ને તેની સાથે ચાંદ્રમાસની ગણના મેળવવાને માસની ૩ વર્ષે વૃદ્ધિને અમુક વર્ષે હાનિની ગણના કરવામાં આવે છે. પહેલે માંડલે સૂર્ય હોય ત્યારે દીવસ મોટો હોય છે ને ક્રમે ઉત્તરોત્તર મોટાં મોટાં માંડલે જતાં છેલ્લે માંડલે સૂર્ય જઇ પહોંચે છે તે વખતે દીનમાન નાનું હોય છે.

For Private And Personal Use Only

વળી નાના નાના માંડલાં વટી સૂર્ય પહેલે માંડલે આવી પહોંચે છે. આ પ્રમાણે સૂર્યનો ગમનનો અધિકાર જાણવો. +૪૬ ચંદ્ર નક્ષત્રમાસથી ચંદ્રમાસમાં ૨ ૬૭/૧૮ અધિક માંડલું ફરે છે. ( સૂર્ય૦ ૨૪૨ )

ચંદ્ર માંડલાધિકાર (સૂર્ય ૨૪૯) સૂર્યથી ૮૦ યોજન ઉંચા સ્ફટીક રત્નના ચંદ્રના વિમાનો છે. તે લાંબા પહોળા ૫૬/૬૧ યોજનને ઉંચા ૨૪/૬૧ યોજન હોય છે. ચંદ્ર પણ સૂર્યની જેમ જંબુદ્વીપમાં બે છે ને ૧૫ માંડલામાં ફરતા ફરતાં ઉદયાસ્તનો ક્રિયા કરે છે, પણ જેમ ૪૮ કલાકમાં સૂર્ય પોતાને સ્થાને આવે છે તેમ ચંદ્રની ગતિ ધીમી હોવાથી ચંદ્ર પોતાને સ્થાને પહોંચી શકતો નથી. સર્વ જ્ઞાનીઓ કહે છે કે–ता एतेसिणं चंदम सूरिय गह न खत्ततरारुवाणं, चंदे हितो सूरे सिग्घ गति ॥ ( સૂર્ય૦ ૨૪૫ ) અર્થાત્ કે બન્ને ચંદ્રો મળી એક માસમાં ૨૯ વાર અસ્તોદય પણાને પામે છે એટલે એક દિવસમાં ૫૦ મિનિટનું આંતરૂ પડે છે. સુદી બીજને દિને ૭ વાગ્યે જ્યાં ચંદ્ર હોય છે ત્રીજને દિને ત્યાંજ ચંદ્ર આવવાને ૭ાા–૫નો ટાઈમ થશે ને ચોથને દિને તેજ સ્થાને ચંદ્ર આવતાં ૮ાા–૧૦નો ટાઇમ જોઇશું એટલે તેની ગતિ બહુ ધીમી છે, જેથી પુર્ણિમાને દિને સાંજે ઉદય ને સવારે અસ્તમન થાય છે. અને પંદર દિવસે માંડલાના અર્ધાભાગની ગતિનો ફેર પડવાથી અમાસને દીને ચંદ્રની સવારે ઉદયને સાંજે આથમવાની ક્રિયા થશે. **ભરતીઓટ** પણ આ પ્રમાણે જ થાય છે. ચંદ ભરતીઓટ થવાના હેતુભુત નથી, પણ ચંદ્રના ઉદયાસ્તને અને ભરતીઓટને કાલસામ્યથી નૈસર્ગીક સહભાવી સંબંધ છે. ભરતા ઓટ થવાનું કારણ એવું છે કે–લવણોદધિ સમુદ્રમાં પાતાલ કલશા છે તેના અર્ધા ભાગમાં વાયુ છે તેની ઉપર વાયુ ને પાણીનું મિશ્રણ છે ને તે ઉપર પાણી છે.

+૪૬ ટીપણી–

| | સૂર્ય ન માંડલે હોય ત્યારે. | સૂર્ય છેલ્લે ૧૮૪ માંડલે હોય ત્યારે. |
|---|---|---|
| રાશિ | કર્ક | મકર |
| દીનમાન | મોટું પછી માંડલે ૨/૬૧ મુહૂર્ત ઘટે | નાનું |
| સૂર્ય જંબુમાં ક્ષેત્રયોજન | ૪૫૦૦૦ | ૬૩૨૪ ૧૬/૬૦ |
| ૫૯૭ લવણમાં ,, | ૩૩૩૩૩ ૧/૩ | ૬૩૨૪૫ ૧૬/૬૦ |
| ૭૫ અભ્યંતર પહોળું ,, | ૯૪૮૬ ૧૬/૬૦ | ૯૪૮૬ ૧૬/૬૦ |
| બાહ્ય ,, ,, | ૯૪૮૬૮ ૧૪/૬૦ | ૯૪૮૬૮ ૧૪/૬૦ |
| અભ્યંતર ,, ,, | ૬૩૨૪ ૧૬/૬૦ | ૬૩૬૬૩ |
| બાહ્યતર ,, ,, | ૬૩૨૪૫ ૧૬/૬૦ | ૫૩૦૫ |
| ઉદયાસ્તાંતર ,, | ૯૪૫૨૬ ૪૨/૬૦ | ૧૯/૬૦ |
| દર મુહુર્ત ગતિ ,, | ૫૨૫૧ ૨૯/૬૦ | ૫૩૦૫ ૧૫/૬૦ |
| અહોરાત્રિ ,, | ૧૫૦૮૯ | |

સૂર્ય ચંદ્ર માંડલા યો૦ ૫૧૦

| | સૂર્ય | ચંદ્ર |
|---|---|---|
| કુલ માંડલા | ૧૮૪ | ૧૫ |
| ભૂરોધગો | ૪૮/૬૧ | ૫૬/૬૧ |
| માંડલે માંડલે | ૨ | ૩૫ (૩૦+[illegible])/૬૧ |
| જંબુ ૧૮૦ યો૦ માં૦ | ૬૫ | ૫ |
| લવણ ૩૩૦ યો૦ માં૦ | ૧૧૯ | ૧૦ |

| પ્ર૦ ચંદ્ર | છેલ્લે ચંદ્ર |
|---|---|
| ૫૦૭૩ ૭૭૪૪/૧૩૭૨૫ | ૫૧૨૫ ૬૯૯૦/૧૩૭૨૫ |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંદરનો વાયુ વંટોળીયા પવનની જેમ ( વિકુર્વાય છે. ) ઉદ્ધત થાય છે તેથી ઉપરનું પાણી એકદમ જોસથી બહાર નીકળે છે જેથી તે સમુદ્રમાં અને તે સમુદ્રની સાથે અખંડ પરંપરાવાળા લઘુ સમુદ્ર કે અખાતોમાં વેલ ચડે છે ને પવન દબાતાં તે વ્હેલ પાછી ખેંચાય છે. સામે મોટી વસ્તુ પડી હોય પણ આપણા નેત્ર આડો લઘુ પદાર્થ આવતાં સામેની મોટી વસ્તુ પણ દેખાતી નથી, પણ લઘુ પદાર્થ ખસી જતાં ક્રમે પા અર્ધી ને પોણી વસ્તુ દેખાય છે, તેમ સૂર્ય ચંદ્રની આડે રાહુ વિમાન આવતાં તે બન્નેને આપણે જોઈ શકતા નથી; તે વખતે તેનું ગ્રહણ. +૪૭ ( રાહુના વિમાનથી આચ્છાદન ) થયું એમ આપણે કહીએ છીએ. તે રાહુનું વિમાન જેમ જેમ દુર થાય છે તેમ તેમ ગ્રહણ છુટતું જાય છે. સૂર્ય ચંદ્ર અને રાહુના ગમનમાર્ગો જુદા જુદા હોવાથી આ ગ્રહણ કયારેક થાય છે, વળી ચંદ્રની સાથે બીજો એક નિત્ય રાહુ નામે ગ્રહ છે તેનું વિમાન કૃષ્ણવર્ણ છે ને તેને ફરવાનો માર્ગ ચંદ્રના વિમાનથી ચારેક આંગલ નીચે છે, બાકી ગતિ ચંદ્રની સાથેજ ફર્યા કરે છે. નિત્ય રાહુના વિમાન કરતાં ચંદ્રનું વિમાન માત્ર $\frac{૧}{૩૧}$ ( $\frac{૨}{૬૨}$ ) ભાગજ મોટું છે, નિત્ય રાહુના વિમાનની એવી ગતિ છે કે વદી એકમથી નિરંતર ચંદ્રના વિમાનના $\frac{૨}{૩૧}$ ભાગને પોતાથી ઢાંકી દે છે, એટલે ચંદ્રના વિમાનનો $\frac{૨}{૩૧}$ મો ભાગ નિત્ય રાહુના વિમાનની પછવાડે રહી જાય છે જેથી તે દેખાતો નથી એટલે વદી એકમે એક કળા ઓછી થઇ એમ આપણે કહીએ છીએ; એમ પંદર દિવસ સુધી નિરંતર તેટલોને તેટલોજ ભાગ ઢંકાતા અમાંસને દિવસે ચંદ્રના એકત્રીશ ભાગમાંથી ૩૦ ભાગ ઢંકાઈ જાય છે. પંદર કળા ઢંકાઈ જાય છે ને એકત્રીશમા ભાગ રૂપી સોળમી અડધી કળા ઢંકાતી નથી પણ તે સૂર્યના પ્રકાશમાં દેખાતો નથી ને ત્યારપછી નિરંતર બબ્બે એકત્રીશ્યા ભાગ ( કલા ) નું આવરણ ઓછું થતું જાય છે ને પુનમને દિને તદ્દન આચ્છાદન વિનાનો સોળે કળાથી ખીલેલો પૂર્ણ ચંદ્ર દેખાય છે એટલે શુદ્દી ૧ થી એકેક કળાની વૃદ્ધિ ને વદ ૧ થી એકેક કલાની હાનિ થાય છે—( **सूर्य १४९ ॥ २३५ ॥ २७८॥** ) ( **किएहराहुविमाणं-णिच्चंचंदेण—२७८** ) એક ચંદ્ર સૂર્યના પરિવારમાં ૮૮ ગ્રહો ૨૮ નક્ષત્રો તથા છાસઠ હજાર નવસેં પંચોતેર કોડાકોડી ૬૬૯૭૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ તારાઓ

ટીપણી—+૪૭—જે ગ્રહણ હોય તેજ ગ્રહણ અઢાર વર્ષ અને દશ કે અગીયાર દિવસે ( દી. ૬૫૮૫ કલાક ૭ અને મીનીટ ૫૨ ) થતાં આવે છે. આ ગ્રહણની ભૂલથી ચીનમાં જ્યોતિર્વીદ હિનેહાને મારી નાખ્યો હતો. ( ખ૦ ૧૮થી૨૦ ) તથા દર બત્રીશ માસને સોળ દિવસે અધિક માસ આવે છે. ( ખ૦ ૧૮ થી ૨૦ )

બૃહજ્યોતિષસારના રાહુ ચાર શ્લોક "૨"માં કહ્યું છે કે—**इंद्वर्कमंडलाकृति-रसितत्वा क्विलन द्रश्यते गगने अन्यत्र पर्वकालात्-वरप्रदानात् कमलयोनेः ॥ २ ॥** અર્થ—ચંદ્ર સુર્યના મંડલની જેવું રાહુનું મંડળ છે, માત્ર કૃષ્ણવર્ણ હોવાથી તે આકાશમાં દેખાતું નથી. પરંતુ બ્રહ્માજીના વરદાનથી પર્વકાળમાં દેખાય છે તે સિવાય દેખાતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય છે. મંગલ, બુધ, ગુરૂ, શુક્ર, શનિ, રાહુકેતુ યુરેનસનેપ્ચ્યુન વિગેરે ગ્રહો તે ૮૮×૪૮ ગ્રહ માંહેના ગ્રહો છે, તે દરેક ગ્રહો પણ સૂર્ય ચંદ્રની જેમ બેવડા છે ને પોતપોતાની કક્ષામાં ગમન કર્યા કરે છે. सूरेहिंतो गहासिग्घई, गहेहिंतो एख्खत्ता-शीग्घगत्ति, એમ તે ગ્રહો સૂર્યથી શીઘ્રગતિવાળા છે ગ્રહોની ગતિથી નક્ષત્રોની ગતિ ઉતાવલી છે ને તારાઓતો નક્ષત્રની ગતિથી પણ અધિક વેગવાલા છે.

ચંદ્રના વિમાનથી ચાર યોજન ઉપર નક્ષત્રમાલા છે, તેનોવર્ણ પંચવર્ણો છે, તે ઉપર ચાર યોજન ઉંચે ગ્રહમાલ છે ગ્રહમાલની ઉપર ચાર યોજને બુધનો તારો છે તે હરિત્ રત્નમય છે તેથી ૩ યોજન ઉંચે સ્ફટીક રત્નમય શુક્રનો તારો છે તેથી ૩ યોજન ઉંચે લાલવર્ણમય મંગળનો તારો છે. તેથી ૩ યોજન ઉંચે જંબુરત્નમય શનીનો તારો છે. ( શનિના વિમાનની ધ્વજાથી ૧ાા રજ્જુ ઉંચે ( દેવલોક છે ) ( જુઓ ચિત્ર ૧૩ મું ) આ દરેક ગ્રહો મેરૂની આસપાસ ૧૧૨૧ યોજન દૂર કે તેથી વધારે દૂર ફર્યા કરે છે. આઠમનો ચંદ્ર સૂર્યના તેજથી જેમ પાંખો દેખાય છે તેમ આ ગ્રહો દિવસે ઉદયપામ્યા છતાં સૂર્યના તેજથી દેખાતાં નથી જેથી આપણે તેને અસ્ત થયા કહીએ છીએ એટલે સવારે ઉગે છે ને સાંજે

×૪૮ ટીપણી—૮૮ ગ્રહો ૧ અંગારક, રવિકાલક, ૩ લોહિત્યક, ૪ **શનિશ્ચર**, ૫ આધુનિક, ૬ પ્રાધુનિક, ૭ કણુકણુક, કણુવિતાનક, કણુસંતાનક, ૧૨ સોમ, આશ્વાસન, કાર્યોપિગ, કર્બટક, અજકરક, દુદુંભક, શંખ, શંખનામ, શંખવર્ણાભ, ૨૨ કંસ, કંસનાભ, કંસવર્ણાભ, ૨૫ નીલ–નિલાવભાસ, ૨૭ રૂપી, રૂપ્યવભાસ, ૨૯ ભસ્મ, **ભસ્મરાશી**, તિલ, તિલપુષ્પ, વર્ણક, દક, દકવર્ણ, કાય, વંધ્ય, ઇંદ્રાગ્નિ, ૩૮ ધૂમકેતુ, હરિપીંગલ્ા, ૪૧ બુધ, મુશુક, ૪૩ **બ્રહસ્પતિ** રાહુ, **અગસ્તિ**, માણુવક, કામસ્પર્શ, ધુરમુખ, વિકટ, વિસંધિકલ્પ, પ્રકલ્પજટાલ, અરૂણ, અગ્નિ, કાલ, મહાકાલ, ૫૮ સ્વસ્તિક, સોવસ્તિક, વર્ધમાનક, પ્રલંબ, નિત્યાલોક, નિત્યાંદ્યોત, સ્વયંપ્રભ, અવભાસ, શ્રેયસ્કર, ક્ષેમંકર, આભંકર, પ્રભંકર, ૭૦ અરજા, વિરજા, અશોક, વિ-તશોક, ૭૪ વિવર્ત, વિવસ, વિશાળ, શાલ્ સુવ્રત, અનિવૃત્તિ, એકજટી, દ્વિજટી, કર, કારક, ૮૪ રાજ, અર્ગલ, પુષ્પભાવ, ૮૮ કેતુ—૨૮ નક્ષત્રના નામો–અભિચ, શ્રવણુ, ધનિષ્ઠા શતભિષા પૂર્વાભાદ્રપદ, ઉત્તરાભાદ્રપદ, રેવતિ, **અશ્વિની**–ભરણી–કૃતિકા–રોહિણી–મૃગશર–આદ્રા–પુનર્વસુ ૧૫ પુષ્ય, અશ્લેખા–મઘા. પૂર્વફાલ્ગુની–ઉત્તરાફાલ્ગુની–હસ્ત, ચિત્રા, ૨૨ સ્વાંતિ, વિશાખા–અનુરાધા–જ્યેષ્ઠા–મૂળ, પૂર્વાષાઢા, ૨૮ ઉત્તરાષાઢા, આ દરેકના વિમાનો હોય છે જે રંગ દેખાય છે તે વિમાનોના રંગ જાણવા.

કેતુચારના અધિકારમાં નારદરૂષિ બહુ રૂપ વાળા એક, પારીસરજી એકસોએક, અને ગર્ગ વિગેરે એક હજાર એક કેતુઓ માને છે. દેવલ, અસિત, ગર્ગ, પારાશર, અને નારદ, રૂષિ કહે છે કે કેટલાક કેતુ એકજ નામવાળા વિવિધરંગી, ચોરસ, શીખા, દ્વિજટા ઇત્યાદિ વિવિધ આકૃતિવાળા પૂર્વાપર, અગ્નિ, દક્ષિણ–ઇશાન, ઉત્તર દિશામાં ભમનારા છે, જેમાંના કેટ-લાકના નામો આ પ્રમાણે છે–બ્રહ્મદંડ, વિસર્પ–કનર્ક–વિકચ–તસ્કર, કૌકુંમ–તામસ–કીલક–વિશ્વરૂપ–અરૂણા–અરૂણ (ચામર જેવા) ગણક ( ચતુરસૂ ) કંક–કબંધ–વસા, અસ્થિ–ક્યારૌદ્ર, ચલક શ્વેત–રશ્મિ–ધ્રુવ–કુમુદ–મણિ, જલ, ભવ પદ્મ, આવર્તક, સંવર્તક. ( **बृहज्योतिसार** )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આથમે છે પણ સૂર્યના પ્રકાશથી દેખાતા નથી આ સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા ફરતા હોવાથી **ચર** કહેવાય છે તેનો પ્રકાશ પણ ફરતો છે. આ ગ્રહ પ્રદર્શન માત્ર જંબુદ્વીપ માટે જાણવું. કારણ કે બીજા દ્વીપસમુદ્રમાં ક્ષેત્ર પરિધિવિશાલ હોવાથી દરેક ભાગમાં પ્રકાશ પુરો પાડવા સૂર્યાદિની સંખ્યામાં વૃદ્ધિ થાય છે પણ અઢીદ્વીપની બહાર જ્યોતિષીના વિમાનો સ્થિર છે ને જ્યાં તેજ ત્યાં તેજ ને જ્યાં અંધારૂ ત્યાં અંધારૂ જ હોય છે. દરેક જ્યોતિષિઓનું નૈસર્ગિક નિયમે સરખીગતિથી એક સરખુંજ ગમન થયા કરે છે. (ચાલુ)

# પરોપકાર.

પરોપકાર કર પ્રિતે પ્રાણી, તન મન ધનથી નિત્યેરે,
સુખ સ્વર્ગનાં સ્હેજે મળશે, મોક્ષ તણાં પણ પ્રિત્યેરે. ૧ પરોપકાર કર.
દીન ક્ષીણ દરદીને દેખી, કર ઉદ્ધાર ઉમંગેરે,
પ્રબળ પુણ્ય બંધાશે વેગે, રહેશે પરભવ સંગેરે. ૨ પરોપકાર કર.
પરોપકારના પ્રબળ ભાવથી, પ્રગટે પુણ્ય કલ્લોલોરે,
પરોપકાર સમ દીસે ન દુજો, ઉત્તમ ધર્મ અમોલોરે. ૩ પરોપકાર કર.
પરોપકારથી વાધે જગમાં, જશકીર્તિ બહુ ઝાઝાંરે,
વૈરી પણ વેગે વશ થાએ, હોય રંક કે રાજારે. ૪ પરોપકાર કર.
પ્રસંગ મળતાં પ્રેમે કરજે, પરોપકાર શિર સાટે રે,
ઘડી જીવનની સફળ જાણજે, કદી ચઢે જો હાથે રે. ૫ પરોપકાર કર.
અમર નામ અવનિમાં રહેશે, યાવત ગુણ ગવાશેરે,
પરોપકાર મહામંત્ર જીવનનો, સાધ્યાથી સુખ થાશેરે. ૬ પરોપકાર કર.
છતી શકિતએ કરે ઉપેક્ષા, હરે ન પીડ પરાઈરે,
મોંઘેરા માનવ ભવ ચેતન, એળે જશે અટવાઈ રે. ૭ પરોપકાર કર.
પરદુઃખ ભંજન પ્રતાપશાળી, નૃપ વિક્રમ જગ ભાવ્યો રે,
પરોપકારનો પ્રવાહ અખંડિત, જીવનમાં વહેવડાવ્યો રે. ૮ પરોપકાર કર.
પરોપકાર વિણ જીવન જગમાં, ઝળકે નહિ કો કાળે રે;
ધન્ય નરા જે પરોપકારમાં, નિજ આતમને વાળે રે. ૯ પરોપકાર કર.

વેજલપુર-ભરૂચ. } છગનલાલ નહાનચંદ નાણાવટી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગાર્હસ્થ્ય જીવન.

વિઠ્ઠલદાસ-મૂ.—શાહ.

( ગતાંક ૮ ના પૃષ્ટ ૧૯૭ થી શરૂ. )

પતિ પત્નીએ હમેશાં પરસ્પર એવો વ્યવહાર રાખવો જોઇએ કે જેનાથી બન્નેનાં સુખની વૃદ્ધિ થાય. તેઓએ હમેશાં એવાં કામ કરવા જોઇએ કે જેને લઇને કોઈ પ્રકારનો અસંતોષ અથવા દુઃખ ઉત્પન્ન ન થાય. ફ્રાંસમાં ડિટાકેલ નામનો એક મોટો વિદ્વાન થઇ ગયો. તે કહેતો હતો કે સંસારમાં મનુષ્યને સુશીલ અને સદાચારી સ્ત્રી કરતાં વધારે બીજો કોઇ આધારજ નથી. અત્યંત સાધારણ કોટિના મનુષ્યો પણ સારી સ્ત્રીના સુયોગથી ઘણા લાયક બની જાય છે. ડિટાકકેલની પોતાની સ્ત્રી ઘણીજ શુશીલ અને સુયોગ્ય હતી. જેમ જેમ તેનો સાંસારિક અનુભવ વધતો ગયો તેમ તેમ તેને દૃઢ પ્રતીતિ થતી ગઇ કે સદ્દગુણો અને સદાચાર વૃદ્ધિને અર્થે ગાર્હસ્થ્યજીવન સુખપૂર્ણ હોવાની પરમ આવશ્યકતા છે. એક સ્થળે તેણે પોતાના સંબંધમાં લખ્યું છે કે ' મને સુખનાં અનેક પ્રકારનાં સાધનો પ્રાપ્ત થયાં છે; પરંતુ પરમાત્માને સૌથી વધારે કૃતજ્ઞ મારા ગાર્હસ્થ્ય સુખને માટે જ છું. યુવાવસ્થામાં મારૂં પોતાનું જીવન ઘણું ખરાબ લાગતું હતું તે અત્યારે ઘણુંજ સારૂં જણાય છે. હવે મારૂં સર્વસ્વ પણ નષ્ટ થઇ જાય તોપણ ગાર્હસ્થ્ય સુખ રહે તો તેનું મને જરા પણ દુઃખ નહિં થાય. " ડિટાકકેલના સમયમાંજ ફ્રાંસમાં મહાન્ રાજ્યક્રાંતિ થઇ હતી. તેને લઇને તેને અનેકવાર સંકટોમાં ફસાવું પડયું હતું; પરંતુ તે સર્વ સંકટો કેવળ પોતાનાં ગાર્હસ્થ્ય સુખને લઇનેજ તેણે શાંતિપૂર્વક સહ્યાં હતા. એક વખત તેણે પોતાના એક મિત્રને લખ્યું હતું કે " ઇશ્વરે મને જેટલાં સુખ આપ્યાં છે તેમાં સૌથી મોટું સુખ એ છે કે મારી સ્ત્રી ઘણીજ ભલી છે. મોટા સંકટોને પ્રસંગે મને તેની જેટલી મદદ મળે છે તેનો ખ્યાલ પણ તમને નહિ આવી શકે. તે ઘણીજ સૌમ્ય પ્રકૃતિને છે છતાં વિકટ પ્રસંગે આવી પડતાં તેનામાં વિલક્ષણ ધૈર્ય અને સાહસ આવી જાય છે. જ્યારે સંકટ વેળાએ હું ગભરાઈ જાઉં છું ત્યારે તે શાંત રહીને મને સમજાવી ધૈર્ય આપે છે. " ત્યારપછી તેણે પોતાના એક બીજા મિત્રને એક વખત લખ્યું હતું કે—" અતિશય શુદ્ધ પવિત્ર મનવાળી અને સુશિક્ષિત સ્ત્રીની સાથે ઘણો વખત રહેવાથી મને જે સુખ પ્રાપ્ત થયું છે તેનું વર્ણન શબ્દાતીત છે. જે વખતે હું કોઇ સારૂં કામ કરૂં છું અથવા સારી વાત કહું છું તે વખતે તેનો ચ્હેરો પ્રસન્નતાથી ચમકી ઉઠે છે. તે જોઇને મને પણ કોઇ જુદોજ આનંદાનુભવ થાય છે. તેમજ જે વાત મને ખરાબ જણાય છે તે જોઇને, તેનો ચ્હેરો પણ ઉતરી જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો હું આ પ્રકારે તેની સાથે વર્ત્યા કરૂં તો મને વિશ્વાસ છે કે મારાથી કદિ પણ ખરાબ કાર્ય થશેજ નહિ."

જ્યારે ડિટાકકેલની નોકરી છુટી ગઈ ત્યારે તેણે પુસ્તક લેખનનું કાર્ય શરૂ કર્યું. ફ્રાંસની રાજ્યક્રાંતિના સંબંધમાં તેણે એક ઘણોજ સારો ગ્રંથ લખ્યો છે. તે લખતી વેળાએ તેણે લખ્યું છે કે "લાગલાગટ પાંચ છ કલાક સુધી લખ્યા કરવાથી મારા હાથ નથી ચાલતા, તે સમયે મને વિરામ અને શાંતિની જરૂર રહે છે. મારી સ્ત્રી મને શાંત અને ઉત્સાહિત કર્યા કરે છે, એને લઈને હું ગ્રંથ લખી શકું છું. નહિ તો મારાથી કાંઇ ન થઈ શકત."

ફ્રાંસમાં ગીઝો નામનો એક બહુજ વિદ્વાન થઈ ગયો. તેના ઉપર પણ ઘણી ઘણી વિપત્તિઓ આવી હતી; પરંતુ કેવળ ગાર્હસ્થ્ય સુખને લઈનેજ તે હમેશાં પ્રસન્ન અને સંતુષ્ટ રહેતો હતો. તેણે એક સ્થળે લખ્યું કે "પરિવારના પ્રેમને લીધે જ મોટાં મોટાં કાર્યો હાથમાં લેવામાં આવે છે. જો સ્ત્રી અને મિત્રનું સુખ ન હોય તો અધિક પ્રતિષ્ટા પામ્યા છતાં પણ મનુષ્ય ખરેખરો સુખી નથી થઈ શકતો." વિવાહ થયો તે પહેલાં પોતાની ભાવી પત્નીને તેમણે પૂછયું હતું કે "જો ભવિષ્યમાં મારી સ્થિતિ બગડી જાય તો તમે મારા દુઃખભાગી થશો કે નહિ ?" તેના જવાબમાં તેણે કહ્યુ કે "જો તમે સારી સ્થિતિમાં હશો તો મને ઘણોજ આનંદ થશે, પરંતુ જો તમારી સ્થિતિ ખરાબ થઈ જશે કદિ પણ હું તો કોઈ બબડાટ નહિ કરૂં."

ઈંગ્લાંડનો પ્રસિદ્ધ વક્તા એડમંડ બર્ક પણ ગાર્હસ્થ જીવનની દૃષ્ટિએ ઘણોજ ભાગ્યશાળી હતો. તેની સ્ત્રી બહુજ સુંદર અને સુશીલ હતી. જ્યારે બર્ક રાજકાજની જંજાળથી થાકીને ઘરે આવતો ત્યારે પોતાની સ્ત્રીને જોઈને તે ઘણોજ પ્રસન્ન અને સુખી થતો હતો. તે કહ્યા કરતો કે "ઘરમાં પગ મૂકતાં જ મારી સઘળી ચિંતાઓ દૂર થઇ જાય છે." માર્ટિન લ્યુથર કહેતો કે "ઈશ્વર પ્રસાદથી પ્રાપ્ત થનાર સર્વ સુખોમાં શ્રેષ્ટ સુખ સુશીલ અને સદાચારિણી સ્ત્રી મળવી એજ છે. સુખ અને શાંતિ એવી સ્ત્રીથીજ મળે છે. એવી સ્ત્રીને આપણું સર્વસ્વ, આપણાં પ્રાણ સુદ્ધાં પણ અર્પણ કરી દેવા જોઈયે."

ઈંગ્લાંડમાં સર વિલ્યમ હેમિલ્ટન નામનો એક પ્રસિદ્ધ વિદ્વાન થઈ ગયો. તેને ઘણીજ લાયક સ્ત્રી મળી હતી જેને લઈને તેને ઘણો જ લાભ થયો હતો. છપ્પન વર્ષની ઉમરે હેમિલ્ટનને અર્દ્ધાંગ રોગ થઈ ગયો તે સમયે તે પોતાની સ્ત્રીની સહાયથી એવા ઉત્તમોત્તમ ગ્રંથો લખી શકયો કે જેને લઇને તેની કીર્તિ આખા યુરોપમાં પ્રસરી રહી. તેની સ્ત્રી તેને ગ્રંથો વાંચી સંભળાવતી હતી, તેના વિચારો શુદ્ધતાપૂર્વક લખી આપતી હતી, અને તેના વ્યાખ્યાનોની પ્રતિલિપિ તૈયાર કરી આપતી હતી. જે વ્યાખ્યાનોને લઈને હેમીલ ઉત્તમ તત્વવેત્તા તરીકે ગણાયો તે તૈયાર કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપવામાં તેની સ્ત્રીયે ઘણીજ મદદ કરી હતી. અલબત, હેમીલ્ટન પ્રખર બુદ્ધિમાન હતો, પરંતુ તેનું ચિત્ત અવ્યવસ્થિત હતું. તેટલા માટે તેની સ્ત્રી તેના સઘળાં કાર્યોની સારી વ્યસ્થા કરી આપતી હતી, એટલુંજ નહિ પણ એમ કહેવું જોઇએ કે ઉચિતરૂપે કાર્ય કરાવતી હતી. હેમિલ્ટન જરા આળસુ હતો, પરંતુ તેની સ્ત્રી ઘણીજ ઉદ્યોગપરાયણ હતી. કહેવાની મતલબ એ છે કે હેમીલ્ટનમાં જે ગુણોનો અભાવ હતો તે ગુણો તેની સ્ત્રીમાં જ ઉપસ્થિ હતા. તેના ધૈર્ય અને ઉદ્યોગને લઇને હેમિલ્ટનની બુદ્ધિનો ઉદય થયો હતો.

યુરોપના જીનેવા નગરમાં હયુયર નામનો પ્રસિદ્ધ સૃષ્ટિશાસ્ત્રવેત્તા સત્તર વર્ષની વયેજ અંધ થઇ ગયો હતો તે અંધત્વને લીધે ઘણો જ દુ:ખી થયો ત્યારે તેની સ્ત્રીયે તેને શાસ્ત્રોનું અધ્યયન કરવા ઉત્તેજીત કર્યો. તેણે પોતાની સ્ત્રીની સહાયથી સૃષ્ટિશાસ્ત્રના એક એવા અંગનું અધ્યયન કર્યું કે જેમાં બહુજ તીવ્ર દૃષ્ટિની આવશ્યકતા હતી. પોતાની સ્ત્રીની તેને એટલી બધી મદદ મળી હતી કે વૃદ્ધાવસ્થામાં તે કહેતો કે જો મને ફરી દેખતો કરવામાં આવે તો હું ઘણોજ દુ:ખી થાઉં. તેણે માખીઓ ઉપર એક ઘણો જ સારો ગ્રંથ લખ્યો છે. તે ગ્રંથ તેણે અંધ થયા પછી પચીસ વર્ષે લખ્યો હતો. તેની અંદર માખીઓની ઉત્પત્તિ, સ્વભાવ વિગેરેના સંબંધમાં એટલી બધી ઉત્તમ અને સૂક્ષ્મ વાતો લખી છે કે જે વાંચીને આપણને એમ થાય કે તેનો લેખક અત્યંત તીવ્ર દૃષ્ટિવાળો હોવો જોઇએ.

આજકાલ કામી અને દુરાચારી પુરૂષોએ ' પ્રેમ ' ને કલંકિત કર્યો છે. પરંતુ વસ્તુત: પ્રેમ તો એક સ્વર્ગીય વસ્તુ છે. પ્રેમ મનુષ્યને સાહસ અને બળ આપે છે, તેને તેનો કર્તવ્યમાર્ગ દેખાડે છે, અને તેનામાં સમસ્ત સદ્‌ગુણોની સૃષ્ટિ કરે છે. મનુષ્યનાં અંત:કરણને શુદ્ધ અને ઉન્નત બનાવવાનું સૌથી સરસ સાધન પ્રેમ જ છે. તે ઉપરાંત વિચારશક્તિ ઉપર પણ તેનો ઘણો સારો પ્રભાવ પડે છે. પ્રેમ મનુષ્યને ઉચ્ચાકાંક્ષી અને ઉદાર બનાવે છે. એક વિદ્વાનનું એવું મંતવ્ય છે કે પ્રેમ જ મનુષ્યનો સૌથી સારો અને મહાન શિક્ષક છે. પ્રેમ વગર મનુષ્યમાં મનુષ્યત્વ આવતું નથી તેમજ સ્ત્રીમાં સ્ત્રીત્વ નથી આવતું. બન્નેને પૂર્ણ બનાવવા માટે જો કોઇ વસ્તુની આવશ્યક્તા છે તો તે પ્રેમ જ છે. પ્રેમદેવ મનુષ્યને કોઈ નવા સંસારમાં પહોંચાડે છે, તદ્દન નવા જીવનનું પ્રદાન કરે છે અને પ્રેમનું પ્રધાન કેન્દ્ર અને ઉદ્‌ગમ સ્થાન સ્ત્રીનું હૃદય છે.

મનુષ્યને સચ્ચરિત્ર, સાધુસંપન્ન અને સુખી બનાવવામાં જેટલી સહાયતા સતી સાધ્વી સ્ત્રી અને તેના સાચા સ્નેહથી મળે છે, તેટલી કોઇ પણ અન્ય સાધનથી મળતી નથી. પછી તે સ્નેહ સ્ત્રીનો હોય, કે માતાનો હોય કે પુત્રીનો હોય. એક મહાન વિદ્વાનનો મત છે કે સંસારમાં આજસુધી કોઈ એવો મહાપુરૂષ નથી થયો કે જેને પોતાના જીવન-કાળ અને કાર્યોમાં કોઇ સાધ્વી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્ત્રીના સાત્વીક પ્રેમની સહાયતા નહિ મળી હોય. મોટા મોટા દુરાચારી પુરૂષોના જીવનમાં પણ એવા પ્રેમથી ઘણો સુધારો થયેલો જોવામાં આવ્યો છે. જીવન-સુધારણાને અર્થે સ્ત્રી ઉપરાંત બીજે નંબરે ઘરની અંદર બાળ-બચ્ચાં હોવા તે છે. જે દુરાચારીઓને બીજી કોઇ પણ રીતે સુધારવાનું કઠિન હોય છે તેઓ ઘણે ભાગે ઘરમાં સંતાન થતાં જ આપોઆપ સુધરી જાય છે. ગાર્હસ્થ્ય જીવનનું આટલું બધું મહત્વ ઉપરોક્ત સઘળી વાતોને લઈને જ છે.

એ સિવાય મનુષ્યના વાસ્તવિક આચાર વિચાર, યોગ્યતા આદિનો ખ્યાલ તેનાં ગાર્હસ્થ્ય જીવનથી જ આવે છે. સત્યતા, પ્રેમ, સહાનુભૂતિ, ઉદારતા, સહનશીલતા આદિ સમસ્ત ગુણોનો વિકાસ ગૃહસ્થ જીવનમાં જ થાય છે. જેનાં ઘરમાં સર્વ પ્રકારની શાંતિ તથા સુખ જોવામાં આવે ત્યાં સમજી લેવું કે તે ઘણો જ સુયોગ્ય, સદાચારી અને ભાગ્યશાળી છે. તેમજ જેનાં ઘરમાં કોઇ પ્રકારની અશાંતિ, અસંતોષ અથવા કલેશ જોવામાં આવે ત્યાં સમજી લેવું કે તેનું આચરણ બરાબર નથી—તેની યોગ્યતામાં ઘણી જ ત્રુટીઓ છે. ગૃહસ્થ જીવનને મનુષ્યની યોગ્યતા અને સામર્થ્યની કસોટી માનવામાં આવે છે. તે કસોટી ઉપર જે પુરેપુરો ઉતરે તે જ સર્વાંશે ખરા મનુષ્યત્વને લાયક ગણાય છે.

ગૃહસ્થ જીવનમાં કોઇ પણ પ્રકારની અશાંતિ અથવા અસંતોષ ઉત્પન્ન ન થવા દેવામાં જેટલો પુરૂષનો ફાળો છે તે કરતાં વધારે સ્ત્રીનો છે. જો સ્ત્રી ઇચ્છે તો ઘરને સાફસુફ સ્વચ્છ રાખીને સર્વ પ્રકારે સુવ્યવસ્થિત રાખી શકે છે અને ગૃહને સ્વર્ગ સમ બનાવી શકે છે. એટલા માટે જ લોકો સ્ત્રીને ' ગૃહલક્ષ્મી ' કહે છે. જે ઘરમાં આવી ગૃહલક્ષ્મી હોય છે તે ઘરમાં સર્વ પ્રકારનાં સુખ આપોઆપ આવે છે. સ્ત્રીઓને ગૃહલક્ષ્મી બનાવવા માટે આરંભમાં બાલ્યાવસ્થાનું શિક્ષણ આવશ્યક છે અને પછી સાસરે ગયા પછી સાસુ અને પતિ વિગેરેના શિક્ષણની આવશ્યકતા છે. ઘણા લોકો એમ કહે છે કે "વિવાહ કરીને અમે ઘણી જંજાળમાં પડી ગયા છીએ અને અમે તો આફતમાં આવી પડ્યા છીએ." આવા લોકોએ સમજવું જોઇએ કે સ્ત્રીઓ પોતે જંજાળ અથવા આફતરૂપ ઘણે ઓછે અંશે થાય છે. પરંતુ ઘણે ભાગે તો ઘરના લોકો તેને જંજાળ અથવા આફત રૂપ મારી બેસે છે. નવી વહુ ઘરમાં આવ્યા પછી સાસુ, નણંદ અને પતિ વિગેરેનું તેના પ્રત્યે જે કર્તવ્ય હોય છે તે કર્તવ્યનું પાલન કર્યા વગર જે લોકો શુભફળની આશા રાખે છે તેઓ મોટી ભૂલ કરે છે. પોતાની નિરાશા અને દુ:ખનું કારણ તેઓ પોતેજ બને છે. તેઓ એક અજ્ઞાન બાળાને સર્વ ગુણ સંપન્ન જોવાની આશા રાખે છે; પરંતુ પરિચયથી તેઓને તેનામાં અનેક દોષો દૃષ્ટિગોચર થાય છે. એવા લોકોએ સૌથી પહેલાં તો પોતાના દોષો જાણી લેવા જોઈએ અને એ દોષો દૂર કર્યા પછી સ્ત્રીની પાસેથી સારાં કાર્યો અને સારી વાતોની આશા રાખવી જોઈયે. આ સંબંધમાં રમાબાઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાનડેનું દ્રષ્ટાંત ધ્યાનમાં રાખવા યોગ્ય છે. રમાબાઇ બિલકુલ અભણ હતા, પરંતુ રાનડે સાહેબે તેમના શિક્ષણનો તુરતજ પ્રબંધ કરી દીધો. એકવખત રમાબાઈના સંબંધમા એક અધ્યાપિકાએ એવી ફર્યાદ કરી હતી કે–"એ બિલકુલ ઠોઠ છે. એને લખતા વાંચતાં કાંઈ નહિ આવડે." પરંતુ રમાબાઇએ એક બીજી અધ્યાપિકા પાસે શીખીને એજ વર્ષમાં પાંચ ધોરણ સમાપ્ત કર્યા. નવી સ્ત્રી ઘરમાં આવ્યા પછી જે કર્તવ્યનાં પાલનની આવશ્યકતા છે, તે સર્વ કર્તવ્યોનું પાલન રાનડે સાહેબે બહુ સારી રીતે કર્યું હતું, જેને લઈને તેઓના ગાર્હસ્થ્ય જીવનમાં કોઇ પણ પ્રકારનો દોષ ઉત્પન્ન થયો નહોતો. આ રીતે તેઓને ગૃહસ્થાશ્રમ સર્વથા સુખમય બન્યો હતો.

ગૃહસ્થ જીવનને સુખમય બનાવવામાં સુશીલ સ્ત્રી કેટલો અગત્યનો ભાગ ભજવે છે એ જોયા પછી હવે ' સાંસારિક જીવન ' સંબંધી વિચાર કરશું.

( સંપૂર્ણ )

# ધર્મરત્નને યોગ્ય કોણ હોઇ શકે ?

આ સંસારમાં હેય ( ત્યાગ કરવા લાયક ) અને ઉપાદેય ( ગ્રહણ કરવા લાયક ) પદાર્થોના જ્ઞાનવડે શોભતા અસાર સંસારરૂપી અપાર સમુદ્રમાં પડેલા જંતુ સમૂહના નિરંતર દુઃખ સંતાપને જાણતા અને જન્મ, જરા, મરણ, રોગ, શોક વિગેરેના દુઃખથી તથા પરભવમાં દુર્ગતિની પ્રાપ્તિના ભયથી અત્યંત પીડા પામેલા ભવ્ય પ્રાણીએ સ્વર્ગ અને મોક્ષ વિગેરેની સુખસંપત્તિને પ્રાપ્ત કરવામાં સફળ ( અદ્વિતીય ) કારણરૂપ જિનધર્મરૂપી મહારત્ન ઉપાર્જન કરવું યોગ્ય છે.

દુર્ગતિમાં પડતા પ્રાણીઓને જે ધારણ કરી રાખે તે ધર્મ કહેવાય છે. તે વિષે કહ્યું છે કે—" જે સારી રીતે ( વિધિ પ્રમાણે ) આચરણ કરવાથી દુર્ગતિમાં પડતા પ્રાણીઓને ધારી રાખે છે, તેથી તે ધર્મ કહેવાય છે, તે ધર્મજ સમગ્ર અનર્થોનો નાશ કરવામાં હેતુભૂત હોવાથી તથા કલ્યાણના સમૂહને કરનાર હોવાથી રત્નરૂપ છે. તે ધર્મરત્નની જેઓ પ્રાર્થના કરે તેઓ ધર્મરત્નના અર્થીઓ કહેવાય છે.

અપાર ભવસાગરમાં ભ્રમણ કરતા પ્રાણીઓને પ્રથમ મનુષ્યપણું પામવું એ પણ દુર્લભ છે. તેમાં અનર્થને દૂર કરનાર સદ્ધર્મરૂપી શ્રેષ્ઠ રત્નપામવું એ તો અતિ દુર્લભ છે.

જેને વિષે પ્રાણીઓ, નારકી તીર્યંચ, મનુષ્ય અને દેવરૂપે ઉત્પન્ન થાય તે ' ભવ ' એટલે સંસાર કહેવાય છે. તે ભવ જ જન્મ, જરા અને મરણાદિક રૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જળને ધારણ કરવાથી સમુદ્રરૂપ છે. તે અનાદિ અનંત હોવાથી 'અપાર' એટલે છેડા રહિત છે, તેમાં ભ્રમણ કરતા જંતુઓને મનુજત્વ પણ—મનુષ્યપણું પણ દુર્લભ છે—મળવું મુશ્કેલ છે. તો પછી આર્યદેશ, ઉત્તમ કુળ અને શરીરની આરોગ્યતા વિગેરે દુર્લભ હોય તેમાં શું કહેવું ? આ દુર્લભતા વિષે ભગવાન્ શ્રી વર્ધમાનસ્વામીએ અષ્ટાપદથી આવેલા મુનિ શ્રી ગૌતમને કહ્યું છે કે—" હે ગૌતમ ! કર્મનો વિપાક ગાઢ હોવાથી સર્વ પ્રાણીઓને ચિરકાળ સુધી પણ ભવમાં ભ્રમણ કરતાં મનુષ્યપણું પામવું ઘણું દુર્લભ છે. તેથી એક સમય માત્ર પણ પ્રમાદ કરવો ઉચિત નથી. " આવું ( દુર્લભ ) મનુષ્યપણું પ્રાપ્ત થયા છતાં પણ જે દારિદ્રય અને તુચ્છ ઉપદ્રવો વિગેરે કષ્ટો કોઈ પણ પ્રાણીથી પ્રાર્થના કરાતા નથી એટલે ઇચ્છાતા નથી, તે કષ્ટો જેનાથી હરણ કરાય–નાશ કરાય તે અનર્થને દૂર કરનાર સદ્ધર્મરૂપી શ્રેષ્ઠ રત્ન દુર્લભ–દુઃખે મળે તેવું છે. સત્ એટલે સારો; ધર્મ એટલે સમકિત દર્શનાદિરૂપ, તે જ વર એટલે પ્રધાન, રત્ન સમાન છે, કારણ કે તે સમગ્ર કષ્ટનો નાશ કરનાર છે. કહ્યું છે કે—મનુષ્યભવ, કર્મભૂમિ, આર્યદેશ, ઉચ્ચકુળ, દીર્ઘ આયુષ્યની પ્રાપ્તિ, ધર્મ શ્રવણ કરવાની શ્રદ્ધા, કથક ( સદ્ગુરૂનો યોગ ) અને ધર્મનું શ્રવણ કરવું, આટલી સામગ્રી મળ્યા છતાં પણ બોધિ સમકિતની પ્રાપ્તિ દુર્લભ છે.

જે પ્રકારે પ્રસિદ્ધ એવું ચિંતામણિ રત્ન સુલભ–સુખે પામી શકાય તેવું તુચ્છ વિભાવવાળાને—અલ્પ ધનવાળાને સુલભ નથી; કારણ કે તે રત્નના મૂલ્ય જેટલો પોતાનો વૈભવ[1] નથી, તે જીવ શબ્દના અર્થ માટે કહ્યું છે કે—" દ્વીંદ્રિય, ત્રીંદ્રિય અને ચતુરિંદ્રિયો પ્રાણ કહેવાય છે, વનસ્પતિઓ ભૂત કહેવાય છે, પંચેંદ્રિયો જીવ કહેવાય છે, અને બીજા સત્ત્વ કહેલા છે. " વિકલેંદ્રિયોને તો ધર્મપ્રાપ્તિ છે જ નહીં અને પંચેંદ્રિય જીવો તેની યોગ્યતાના હેતુરૂપ ગુણોની સામગ્રી રહિત હોય તો તેમને પણ ધર્મરૂપી રત્ન સુલભ નથી.

## કેટલા ગુણવાળો ધર્મને સુલભ હોય તે કહે છે.

એકવીશ ગુણોએ કરીને યુક્ત દેદીપ્યમાન એવો જીવ ધર્મરત્નને અરિહંતના શાસનમાં કહેલો છે તે ગુણો ઉપાર્જન કરવા માટે, પહેલાં તે હેતુથી, ઉદ્યમ કરવો જોઇએ. અહીં ભાવાર્થ એજ છે જે—જેમ પ્રાસાદ બનાવવાના અર્થીએ હાડકાં વિગેરે શલ્ય દૂર કરી પીઠ ( પાયો ) બાંધવા વિગેરેના કાર્યમાં આદર કરવો જોઇએ. કેમકે તેમ કર્યા વિના સુંદર–દ્રઢ પ્રાસાદ બની શકે નહીં તેમ ધર્મના અર્થીઓએ આ ગુણો સારી રીતે ઉપાર્જન કરવા જોઇએ. કારણકે વિશિષ્ટ પ્રકારના ધર્મની પ્રાપ્તિ તે ગુણોને જ આધિન છે.

---

૧ પુણ્યરૂપી વૈભવ સમજવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મોને મધ્યે જે રત્ન જેવો છે તે ધર્મરત્ન એટલે જિનેશ્વરે કહેલો દેશવિરતિ અને સર્વવિરતિ રૂપ:સદાચાર, તેને યોગ્ય એટલે ઉચિત, થાય છે. એકવીશ ગુણોએ કરીને યુક્ત તેજ ગુણોને કહેવા માટે 'ગુણ અને ગુણીનો કથંચિત અભેદ છે' એ ન્યાયને બતાવવા માટે ગુણીને દેખાડવાપૂર્વક ગુણોને કહે છે. અક્ષુદ્ર ૧, રૂપવાન–પ્રશસ્ત રૂપવાળો ' પુદ્ગલો રૂપવાળા કહ્યા છે. ' ૨, તથા પ્રકૃતિવડે–સ્વભાવવડે સૌમ્ય–પ્રશાંતચિત્તવાળો હોવાથી સુંદર સ્વભાવવાળો ૩, સદાચારનું આચરણ કરવાથી લોકોને પ્રિય ૪, પરના દોષ જોવા એ વિગેરે ક્રૂર સ્વભાવ નહીં હોવાથી અક્રૂર ૫, ત્રાસ પામવાનો સ્વભાવ હોવાથી આ લોક અને પરલોકના કષ્ટથી ભય પામનાર ૬, સાચી ક્રિયા વિધિ પૂર્વક કરવાથી અશઠ–શઠતા રહિત ૭, કોઇની પ્રાર્થનાનો સત્કાર કરવાથી દાક્ષિણ્યતાવાળો ૮, પાપ કરવામાં શંકિત હોવાથી લજ્જાળુ ૯, ચિત્તમાં દયા હોવાથી દયાળુ ૧૦, તેથી કરીને મધ્યસ્થ એટલે રાગદ્વેષ રહિત અને સૌમ્ય એટલે ક્રૂરતા રહિત જેની દૃષ્ટિ હોય તે મધ્યસ્થ સૌમ્ય દૃષ્ટિવાળો કહેવાય છે, કેમકે તે યથાર્થ વસ્તુ તત્ત્વને જોનાર હોય છે, ૧૧, લઘુકર્મીને લીધે ગુણોને વિષે બહુ માનવાળો હોવાથી ગુણનો રાગી ૧૨, સત્કથ એટલે સદાચારનું આચરણ કરનાર હોવાથી દુષ્ટ આચરવું, સાંભળવું કે કહેવું, તેને વિષે રૂચિવાળો નહીં તે ૧૩, સુપક્ષયુક્ત સારા પરિવારવાળો અર્થાત્ ધર્મમાં વિરોધ ન કરે તેવા બંધુ અને પરિવારવાળો ૧૪, સુદીર્ઘદર્શી–બુદ્ધિમાન્ હોવાથી વિચાર કરીને જેનું પરિણામ સુંદર હોય એવા કાર્યને કરનાર ૧૫, વિશેષજ્ઞ–સત અને અસત્ વસ્તુને જાણનાર, પરંતુ રાગદ્વેષવડે મૂઢ થવાથી અથવા કોઇએ પ્રથમથી ભરમાવેલો હોવાથી અંગીકાર કરેલા કદાગ્રહમાં જ મનને તલ્લીન કરનારો ન હોય ૧૬, વૃદ્ધાનુગ–જેની બુદ્ધિ પરિણામ પામેલી હોય —પરિપકવ થયેલી હોય તેવા પુરૂષના વિચારને અનુસરનાર ૧૭, વિનીત—ગુરૂજનની ભક્તિ કરનાર ૧૮, કૃતજ્ઞ—કોઇએ આ લોક અથવા પરલોક સંબંધી થોડો પણ ઉપકાર કર્યો હોય તેને જાણનાર, પણ ભૂલી ન જનાર ૧૯, પરહિતાર્થકારી—પ્રત્યુપકારની આશા રાખ્યા વિના બીજાના હિતકારક કાર્યો સાધી દેવાના સ્વભાવવાળો. અહીં કોઇ શંકા કરે કે—દાક્ષિણ્યતાના ગુણમાં અને આ ગુણમાં તફાવત શો છે ? તેનો જવાબ એ છે જે–દાક્ષિણ્ય ગુણવાળો પુરૂષ અન્યની પ્રાર્થનાવડે જ પરોપકાર કરે છે અને આ તો સ્વભાવથી જ પોતાની મેળે પરનું હિત કરવામાં પ્રીતિવાળો હોયછે. ૨૦. જેમ આ વીશ ગુણો છે તેજ પ્રકારે વળી લબ્ધલક્ષ્ય ગુણવાળો પણ ધર્મનો અધિકારી છે. તેનો અર્થ આ પ્રમાણે—જેણે લક્ષ્ય કરવા લાયક ( ઓળખવા લાયક ) ધર્મક્રિયાનો વ્યવહાર પ્રાપ્ત કર્યો છે તે લબ્ધલક્ષ્ય કહેવાય છે, અર્થાત્ આવા ગુણવાળા પુરૂષને સુખે કરીને શીખવી શકાય છે–ધર્મોપદેશ આપી શકાય છે. ૨૧. આ એકવીશ ગુણોએ કરીને યુક્ત પુરૂષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મરત્નને યોગ્ય છે. એમ પૂર્વે કહ્યું જ છે.

ક્ષુદ્ર શબ્દના ઘણા અર્થો છે. તે આ પ્રમાણે–ક્ષુદ્ર એટલે તુચ્છ, ક્ષુદ્ર એટલે ક્રૂર, ક્ષુદ્ર એટલે દરિદ્ર, ક્ષુદ્ર એટલે લઘુ ( નાનો ) વિગેરે. તો પણ આ ઠેકાણે ક્ષુદ્રનો અર્થ તુચ્છ લઇને અગંભીર લેવાનો છે. તે વળી ઉત્તાનમતિ–અનિપુણ બુદ્ધિવાળો હોવાથી ધર્મને સાધી શકતો નથી–આરાધી શકતો નથી. કેમકે ધર્મને સૂક્ષ્મ બુદ્ધિવાળો જ સાધી શકે છે. તે વિષે કહ્યું છે કે—" ધર્મના અર્થી મનુષ્યોએ નિરંતર સૂક્ષ્મબુદ્ધિથી ધર્મ જાણવો જોઇએ. અન્યથા–નહીં તો ધર્મની બુદ્ધિથીજ તે ધર્મનો વિનાશ પ્રાપ્ત થાય છે. જેમ કોઈએ માંદા સાધુને હું ઔષધ આપીશ એવો અભિગ્રહ લીધો. પછી કોઇ માંદો સાધુ નહીં મળવાથી તે છેવટ શોક કરવા લાગ્યો કે—" અહો ! મેં ઘણો ઉત્તમ અભિગ્રહ ગ્રહણ કર્યો. પરંતુ કોઇ માંદો થયો નહીં અને હું અધન્ય છું, મારૂં વાંછિત સિદ્ધ ન થયું, એ મહા કષ્ટની વાત છે. " આ પ્રમાણે સાધુઓનું માંદગીપણું ઇચ્છીને જે અભિગ્રહ –નિયમ લેવો, તે તત્ત્વથી દોષ છે, એમ મહાત્માઓએ કહ્યું છે. " આ ક્ષુદ્રથી જે વિપરીત હોય એટલે પોતાના અને પરના ઉપકાર કરવામાં શક્ત–સમર્થ હોય તે અક્ષુદ્ર એટલે સૂક્ષ્મ દ્રષ્ટિવાળો–સારી રીતે વિચાર કરીને કાર્ય કરનારો કહેવાય છે. તે જ આ ધર્મને ગ્રહણ કરવામાં યોગ્ય–અધિકારી છે. ( ચાલુ )

# જૈન ઐતિહાસિક શિક્ષણો.

મહાનુભાવ અભયદેવસૂરિએ સતત આંબેલનું તપ આચરેલું અને તેને અંગે રાત્રે જાગરણો કરેલા, તેથી તેમના શરીરમાં રૂધિરનો બગાડ થઇ આવ્યો અને તેથી તેમને કુષ્ટનો અસાધ્ય વ્યાધિ ઉત્પન્ન થયો હતો. આ વ્યાધિને લઇ અન્યદર્શનીઓએ તે મહાત્માની અનેક પ્રકારે નિંદા કરવા માંડી તે સાથે જૈન ધર્મીઓમાંથી પણ કેટલાએક કહેવા લાગ્યા કે, " ટીકાઓની રચનામાં થયેલા ઉત્સૂત્ર પ્રરૂપણથી આચાર્ય પર ગુસ્સે થયેલા શાસન દેવતાઓએ શિક્ષા કરવાના હેતુથી તેમને આ દશાએ પહોંચાડેલા છે. " આવો લોકાપવાદ સાંભળી આચાર્ય મહારાજ હૃદયમાં દિલગીર થઇ ગયા. તથાપિ એ ધર્મવીર પોતાની ધર્મશ્રદ્ધામાં દઢ રહી તે અપવાદને દૂર કરવાની ધારણા અવધારવા લાગ્યા.

' જૈન ધર્મની ભાવનામાં અદ્ભૂત ચમત્કૃતિ રહેલી છે. સ્વર્ગવાસી દેવતાઓ પણ તેમાં પ્રત્યક્ષ હાજરી આપી લોકોના હૃદયમાં અજાયબી ઉત્પન્ન કરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. ચરિતાનુયોગમાં તેવા અનેક ચમત્કારો સાંભળવામાં આવે છે. અને તેવા ચમત્કારોથી જૈન ધર્મની મહત્તા પૂર્ણ રીતે વધેલી છે.

મહાનુભાવ અભયદેવ સૂરિના પ્રસંગમાં પણ તેવુંજ બન્યું હતું. તે પવિત્ર મહાત્માના હૃદયમાં જ્યારે લોકાપવાદને દૂર કરવાની લાગણી ઉત્પન્ન થઇ અને તેના જ ચિંતવનમાં તેઓ મગ્ન થઇ ગયા, ત્યારે જૈન શાસનના દેવતાઓની લાગણી તેમની તરફ આકર્ષાણી હતી. મહાનુભાવ અભયદેવ સૂરિ રાત્રે પોતાના સંથારામાં રહી ધ્યાનપૂર્વક શયન કરતા હતા. તેવામાં ધરણેંદ્રે આવી તેમના રોગનું નિવારણ કર્યું અને જણાવ્યું કે, "સૂરિજી, સ્તંભન નગરની પાસે આવેલી સેઢિકાનદીના તીર ઉપર ભૂમિની અંદર શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા છે. તે પ્રતિમા દિવ્ય ચમત્કારથી ભરપૂર છે. તે પ્રતિમાના પ્રભાવથી પૂર્વે નાગાર્જુને રસસિદ્ધિ સાધી હતી; તે પ્રતિમા પ્રગટ કરી તમે તે સ્થલે મહાતીર્થ પ્રવર્ત્તાવો, જેથી તમારા અપવાદના નાશની સાથે જૈન શાસનની પ્રભાવના થશે" ધરણેંદ્રના આ વચન સાંભળી અને પોતાના રોગની નિવૃત્તિ જોઇ તે મહાત્મા આનંદિત થયા હતા. તેમના આનંદનું કારણ પોતાના શાસનપર આવેલો અપવાદ દૂર થવાનું મુખ્ય હતું. કારણ કે, શરીરના મમત્વથી રહિત એવા તે મહાત્મા રોગની દરકાર રાખતા ન હતા. વાંચનાર, આ પ્રસંગનો પૂર્ણ વિચાર કરજો. પૂર્વના જૈન આચાર્યો શાસનને માટે કેટલી બધી કાળજી રાખનાર હતા. તેમનાં હૃદયમાં શાસનની ઉન્નતિના જ વિચારો આવ્યા કરતા હતા. શાસનની શોભા વધારવાને અને તેની પ્રભાવના પ્રવર્ત્તાવવાને માટે તેઓ ત્રિકરણશુદ્ધિથી પ્રવર્ત્તતા હતા. તેમની મનોવૃત્તિમાં એજ ભવાના જાગ્રત રહેતી અને તે ભાવનાને કાયમ રાખવાને માટે તેઓ ઉપયોગ રાખી રહેતા હતા. સાંપ્રતકાલે એવી પ્રવૃત્તિ કવચિત્ જ જોવામાં આવે છે. શાસનની નિંદા થાય તેવા કાર્યો તરફ મોટો ભાગ ઉપેક્ષા રાખનારો છે. મુનિઓ અને ગૃહસ્થોની વચ્ચે માંહો માંહે કુસંપ, દ્વેષ અને ઈર્ષ્યાનો ઉદય થવાથી શાસનની પ્રભાવનાને મોટી હાનિ પહોંચે છે અને સર્વત્ર નિંદાનો પ્રચાર થઇ રહે છે. વિચક્ષણ અને વિદ્વાન્ જૈનોએ આવા પ્રવર્ત્તનનો અટકાવ કરવાને સર્વદા પ્રયત્ન કરવો જોઈએ. જ્યારે તેમ કરવામાં આવશે, ત્યારે જ આર્હત ધર્મની ઉન્નતિનું દર્શન કરવાને આપણે સમર્થ થઇ શકીશું

ધરણેંદ્રના વરપ્રદાન પછી મહાનુભાવ અભયદેવસૂરિએ 'जयतिहुअण' એ નામની બત્રીશ ગાથાઓવાળું એક સ્તવન રચ્યું હતું અને તે સ્તવનવડે સ્તુતિ કરી સ્તંભનગરની સેઢિકા નદીના તીર ઉપર શ્રી પાર્શ્વનાથજીની સુંદર પ્રતિમા સંઘની સમક્ષ પ્રગટાવી હતી. આ અદ્ભૂત ચમત્કાર જોઈ લોકો સાનંદાશ્ચર્ય થઈ ગયા હતા. અને તેથી મહાનુભાવ અભયદેવસૂરિની ઉજ્વલ કીર્ત્તિ લોકોમાં પ્રસરી હતી અને જૈનશાસનની મહાન્ ઉન્નતિ થઈ હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બનાવ બન્યા પછી જૈન શાસનની ઉન્નતિને માટે તેમને વધારે હર્ષ થયો હતો. અને તેઓ પોતાના મુનિજીવનને કૃતાર્થ માનતા હતા. આર્હત ધર્મની ઉન્નતિને માટે આવી ખંત રાખનારા મુનિઓની સંખ્યા જ્યારે વૃદ્ધિ પામશે ત્યારે ભારતવર્ષની ભૂમિ ઉપર આર્હત ધર્મનો જયધ્વનિ થઇ રહેશે. વીરશાસનના પ્રભાવિક દેવતાઓ એવી પ્રેરણા કરે, એવી વીરપરમાત્મા પ્રત્યે અમારી સવિનય પ્રાર્થના છે.

મહાનુભાવ અભયદેવસૂરિએ રચેલા બત્રીસ ગાથાઓના સ્તવનમાંથી બે ગાથાઓ તે આચાર્યે ગોપવી હતી અને તેમ કરવાની ધરણેંદ્રે સૂચના આપી હતી. તેથી અદ્યાપિ પર્યંત એ સ્તવનની ત્રીશ ગાથાઓ પ્રખ્યાત છે અને તે સ્તવનને ચતુર્વિધ સંઘ ભાવના પૂર્વક ગાયા કરે છે. જે પ્રતિમા તે સ્થલે પ્રગટ થઇ તે **શ્રી સ્તંભન પાર્શ્વનાથજી**ના નામથી પ્રખ્યાત છે. તે હાલ સ્તંભનગર—ખંભાતમાં વિદ્યમાન છે અને પોતાના પ્રભાવ સાથે મહાનુભાવ અભયદેવસૂરિના પ્રભાવને અદ્યાપિ પ્રખ્યાત કરે છે.

તે સમયે સ્તંભન નગરમાં ગોડ નામે એક ધનાઢ્ય શ્રાવક રહેતો હતો. તે ગુજરાત અને બીજા કેટલાએક દેશોમાં ધાર્મિક અને શ્રીમાન તરીકે વિખ્યાત થયો હતો. મહાનુભાવ અભયદેવસૂરિના પ્રભાવનું દર્શન કરી તે તેમનો મહા ભકત બની ગયો હતો. એક વખતે તેણે તે મહાત્માને વિનંતિ કરી કે—" ભગવન્! ધર્મના પ્રસાદથી મને ઘણી સંપત્તિ પ્રાપ્ત થઇ છે. હવે તે સંપત્તિનો સદુપયોગ થાય, તેવો માર્ગ કૃપા કરી દર્શાવો." તે ગૃહસ્થ શ્રાવકના આવા વચન સાંભળી મહાત્મા અભયદેવસૂરિએ આ પ્રમાણે કહ્યું." ભદ્ર! તમારી ઊત્તમ શ્રદ્ધા જોઇ ખુશી ઉત્પન્ન થાય છે. જો તમારી ઈચ્છા હોય તો જૈન ધર્મના સાત ક્ષેત્રોની ઉન્નતિ કરો. તે ઉન્નતિને આધારે તમારા દ્રવ્યનો સદુપયોગ કરો. એ સદુપયોગથી તમારૂં ગૃહસ્થ જીવન સાર્થક થશે અને જૈનધર્મની પ્રભાવના વૃદ્ધિ પામશે." તે મહાત્માના આ વચનો સાંભળી ગોડ શ્રાવક હૃદયમાં આનંદિત થઇ ગયો અને તત્કાળ તેણે સાત ક્ષેત્રોની અંદર પોતાના દ્રવ્યરૂપ બીજનું વાવેતર કરવા માંડયું. તે સાથે તે શ્રદ્ધાળુ શ્રાવકે સ્તંભન પાર્શ્વનાથજીની પ્રતિમાની પ્રતિષ્ઠા મોટી ધામધૂમથી કરી હતી અને એક મનોહર ચૈત્ય બનાવ્યું હતું. તે પ્રતિમાના આસનની પાછળ તે સમયનો એક લેખ કોતરવામાં આવેલો છે.

આ લેખ મહાનુભાવ અભયદેવસૂરિ અને ગોડ શ્રાવકના નામને અવિચલ રાખી રહેલો છે. આ નાશવંત સંસારમાં આવી અવિચલ કીર્તિ સંપાદન કરવી એજ જીવનની સાર્થકતા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાનુભાવ અભયદેવસૂરિ આર્હત્ શાસનની કેવળ ચમત્કારી પ્રભાવના કરીને બેશી રહ્યા નથી, તેઓ જૈન પ્રજાને માટે જ્ઞાનનો મોટો વારસો પણ મુકી ગયા છે. તે મહાનુભાવે નવે અંગ પર ટીકાઓ રચેલી છે. મહાન્ ગ્રંથકાર શ્રી હરિભદ્રસૂરિના રચેલા **પંચાસક** પર એક સુબોધક ટીકા રચી છે. આ ટીકા સં. ૧૧૨૪ મા વર્ષે ધોલકામાં ચાતુર્માસ રહી લખેલી છે. એમ તેના લેખ ઉપરથી જણાય છે. કઠિન વિષયોના લેખ ઉપર તેઓ મહાન ટીકાકાર થઈ ગયેલા છે. **જયતિહુઅણસ્તોત્ર**, જિન ચંદ્ર ગણિ વિરચિત **નવતત્ત્વ પ્રકરણ**, જિનભદ્રગણિ વિરચિત **વિશેષાવશ્યક ભાષ્ય**, હરિભદ્ર સૂરિકૃત **ષોડશક** અને દેવેંદ્રસૂરિકૃત **શતારિ પ્રકરણ**-વિગેરે મહાન્ ગ્રંથો ઊપર તે મહાનુભાવે ઊત્તમ ટીકાઓ બનાવેલી છે. તે શિવાય **નિગોદષટ્ત્રિંશિકા, પંચનિર્ગ્રંથવિચાર સંગ્રહિણી** અને **પુદ્ગલ ષટ્ત્રિંશિકા** વગેરે કેટલાએક સ્વતંત્ર ગ્રંથો પણ તેમણે લખેલા છે. આવા ઉપયોગી લેખો લખી તે મહાત્માએ જૈન પ્રજા ઉપર મહાન્ ઊપકાર કરેલો છે.

વર્ત્તમાનકાલે મુનિઓમાં આવી પ્રવૃત્તિ કવચિતજ જોવામાં આવે છે; એ ખેદની વાર્ત્તા છે. સ્વર્ગવાસી મહાત્મા વિજયચંદ્ર સૂરીશ્વરની પછી એક–બે મુનિઓ શિવાય કોઈ પણ મુનિએ આર્હત પ્રજાની જ્ઞાનવૃદ્ધિના લેખો લખેલા નથી. સાંપ્રતકાળે કેટલાએક સારા વિદ્વાન્ મુનિઓ જોવામાં આવે છે, તેઓશ્રી તે માટે થોડા ઘણા અંશે પ્રયાસ કરે છે, પરંતુ મોટો ભાગ પ્રમાદને વશ થઇ પડયો છે.

મહાનુભાવ અભયદેવસૂરિ સંવત્ ૧૧૩૫ ના વર્ષમાં ગુજરાતમાં આવેલા **કપડવંજ** ગામમાં સ્વર્ગવાસી થયા હતા. તેમના સ્વર્ગવાસથી ભારતવર્ષમાં ઘણાં સ્થલોને વિષે જૈન પ્રજામાં ભારે દિલગીરી પ્રસરી હતી. તે મહાત્માએ કરેલા ઉપકારોનું સ્મરણ કરી કરી જૈન પ્રજાએ અશ્રુપાત કર્યા હતા. એવા ઉપકારી મહાત્માનો સદાને માટે થયેલો વિયોગ કેમ સહન થઈ શકે ?

વાંચનાર, આ લેખને આદ્યંત વાંચી તેનું મનન કરજો અને જૈનશાસનની એકનિષ્ઠાથી સેવા કરનારા એ મહાનુભાવના કાર્યોની ભાવના ભાવી તમારા હૃદયને જૈન ઐતિહાસિક શિક્ષણનો ઊત્તમ સ્વાદ ચખાડજો.

## “ જીંદગીની છેલ્લી ઘડી--પ્રયાણ. ”

રોગે ઘેર્યું શરીર સઘળું, ક્ષીણતાએ ભરેલું,
ઔષધોથી અધિક વધતો, વ્યાધિ ન થાય ઓછો;
અંતે શક્તિ શિથિલ થઈને, ગાત્ર ઢીલા થયા છે,
નાડી વહેતી ત્વરિત ગતિએ, શ્વાસ જોરે વહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છોડી આશા ! જીવન ઘડીઓ, પૂર્ણ થાતી જણાએ,
નિરાશાથી સ્વજન સઘળાં, જોઈ એ સૌ રહ્યાં છે;
ઉડી ચાલ્યો અમર આત્મા, જીર્ણ એ દેહ છોડી,
સાથે ત્યાગ્યાં સંબંધ સઘળાં, વિશ્વનાં વિશ્વમાંહી.

❋ ❋ ❋

રોવું શાને ? પ્રણયી હૃદયે, કંઇ સમજી શકું ના,
કોને રોવું ! ક્ષણિક સઘળા, મોહ આ વિશ્વમાં જ્યાં;
છોડી જાતાં અમર સુખને, પામતા દિવ્ય દૃષ્ટિ,
ઈચ્છું હું એ-અમર પદને, પામજો સર્વ કોઈ.

કલ્યાણ.

# દિવ્ય ફુલડાં.

( સંગ્રાહક—શેશમલ કે. શાહ. )

કુમાર્ગ પર ચાલવાથી લોકો વખાણે તેના કરતાં સન્માર્ગે ચાલવાથી લોકો ખોડે તે પણ સારૂં છે.

જેઓ સંપત્તિના સમયમાં પ્રેમ અને ભ્રાતૃભાવ બતાવે, તેમને મિત્ર ન માનો. ખરો મિત્ર તો તે જ કે જે આપત્તિ સમયે કામ આવે.

સામાના મુખમાંથી કડવાં વચન નીકળતાં અટકાવવાં હોય, તો તેના મુખમાંથી ઉદ્‌ગાર નીકળતાં પહેલાં જ તમારા મીઠા વચનવડે તેના મુખને મીઠું બનાવી દો.

જે કોઈ તમારી આગળ બીજાનાં દોષ વર્ણવે છે, તે જરૂર બીજાઓ આગળ તમારા દોષ પ્રકટ કરશે.

મિત્રોથી પણ આપણો ગુપ્ત ભેદ છુપોજ રાખવો જોઈએ, કેમકે આજકાલના મિત્રો સહજમાં દુશ્મન બની જાય છે.

બોલતાં પહેલાં બહુ જ વિચારીને બોલવું. કારણ કે પ્રીતિ અને અપ્રીતિ, સુખ અને દુઃખનો આધાર બોલેલા શબ્દો ઉપર રહે છે.

નીચની પ્રત્યે નમ્રતા અને મહેરબાની રાખવાથી તેની નીચતા અને ઉલટું અભિમાન વધી જાય છે.

એટલી સખ્તાઇ પણ ન ચલાવો કે જેથી તમારા પ્રત્યે અણગમો પેદા થાય અને એટલી નમ્રતા પણ ન સ્વીકારો કે લોકો તમારા શીરપર ચઢી જાય.

કોઇની હરીફાઈ કરવી પણ અદેખાઈ ન કરવી. કારણ કે હરીફાઈ કરનાર માણસ આખરે ફત્તેહ પામે છે, પણ અદેખાઈ કરનાર માણસ દુઃખી થઇ નાસીપાસ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

આ માસની શુદ ૨–શુદ ૩ ના રોજ ભાવનગર રાજકીય પરિષદ્‌ની બીજી બેઠક મહુવામાં ઠક્કર અમૃતલાલ વિઠ્ઠલદાસના પ્રમુખપણા નીચે મળી હતી. સાથે શ્રી પ્રાણીરક્ષક પરિષદ્‌ની પાંચમી બેઠક પણ તા. ૧૩–૫–૨૬ ના રોજ મળી હતી. સત્કાર કમીટીના પ્રમુખ શ્રીયુત્ મોહનલાલ ખોડીદાસ હતા. જેમનું ટુંકું પરંતુ મુદ્દાસર ભાષણ મનનીય હતું. આ સંસ્થા સાર્વજાનક હોવાથી દરેક મનુષ્યે યથાયોગ્ય મદદ કરવાની જરૂર છે.

## શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ–પાલીતાણા.

### ચાલુ વર્ષની વાર્ષિક પરિક્ષાનું પરિણામ.

આ સંસ્થાએ ત્રણ વર્ષ થયાં સાથે વિદ્યાલય ( સ્કૂલ ) ઇંગ્રેજી ચોથા ધોરણ સુધીની સ્વતંત્રતાથી કરેલી છે. સ્કૂલ શિક્ષણ સાથે ધાર્મિક શિક્ષણ જોડી દીધેલ છે એટલે સ્કૂલ શિક્ષણ સાથે તેજ ટાઇમમાં આપવામાં આવે છે. ધાર્મિક શિક્ષણ માટે ખાસ અભ્યાસક્રમ વ્યવસ્થાપક કમીટીએ તૈયાર કરેલ છે તે ચલાવવામાં આવે છે.

ઇંગ્રેજી પહેલા ધોરણથી સાતમા ધોરણ સુધીમાં પરિક્ષામાં બેઠેલા ૭૮) વિદ્યાર્થીઓમાંથી ૬૮) વિદ્યાર્થી પાસ થયા છે. ગુ૦ ચોથા ધોરણમાં દશે દશ પાસ થયા છે. પાછળથી ઘણા જ મોડા દાખલ થયેલા દશ વિદ્યાર્થી પરિક્ષામાં બેઠા નહોતા. ગઇ સાલથી બાર માસને બદલે આઠ માસમાં ( ઇંગ્રેજી ત્રીજા ધોરણ સુધી ) પુરૂં કરવાનો ઠરાવ કરેલો છતાં આ વખતે આવેલું ૮૯ ટકા પરિણામ ઘણુંજ સંતોષકારક ગણાય. માર્ચ માસની આખરે ૯૯) હાલ ૧૦૨) વિદ્યાર્થી છે.

આ સંસ્થા પાસે બીલકુલ ફંડ નહીં છતાં ઘણા ફ્રી વિદ્યાર્થીઓ કમીટીએ દાખલ કરેલા છે. તેનું કારણ એટલી બધી અરજીઓ દાખલ થવા માટે આવે છે અને કેટલાક સાધન વગરના બાળકોને નાણાની તંગીને લઇને ના પાડતાં પણ કમીટીનું હૃદય કંપે છે; છતાં વગર ફંડે પણ નિરૂપાયે દ્રવતે હૃદયે કેટલીક અરજીઓ પસાર કરવી પડે છે. તે કારણથી તેમજ હાલમાં યાત્રાળુઓ પણ સકારણ નહીં આવતા હોવાથી આટલા બધા વિદ્યાર્થીઓના શિક્ષણ, ભરણપોષણ માટે મુશ્કેલીએ પણ કમીટી કામ કર્યે જાય છે. જૈન સમાજને નમ્ર વિનંતિ છે કે ઉપરોક્ત અનેક કારણોથી આ ઉછરતી, વ્યવસ્થાપૂર્વકની સર્વમાન્ય ઉપયોગી થયેલી આસંસ્થાને આર્થિક સહાય આપવાની ખાસ જરૂર છે.

**જયંતી**—પ્રાતઃસ્મરણીય શાંતમૂર્તિ **શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ**ની આ માસના વૈશાક શુદ ૮ ના રોજ આ શહેરમાં શ્રી સંઘના ઉપાશ્રયમાં પંન્યાસજી **મહારાજ શ્રી કેશરવિજયજી** મહારાજના અધ્યક્ષપણા નીચે સવારના આઠ વાગે આ મહાત્માના ગુણાનુવાદ કરવા પૂર્વક જયંતી ઉજવવામાં આવી હતી. પ્રથમ મંગળાચરણ થયા બાદ શાહ કુંવરજી આણંદજી તથા ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે મહાત્માશ્રીનું જીવનચરિત્ર અને પરિચય કરી બતાવ્યો હતો. પછી મુનિરાજ શ્રી પ્રમોદવિજયજી મહારાજ પંન્યાસજી કેશરવિજયજી મહારાજ તથા પંન્યાસજી દેવવિજ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યજી મહારાજ વગેરે પણ તે માટે બોલ્યા હતા. બપોરના મોટા દેરાસરમાં ગુરૂ મંદીરમાં પંચ કલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી. રાત્રિના ભાવના કરવામાં આવી હતી.

# ગ્રંથાવલોકન.

**આનંદ અને પ્રભુ મહાવીર**—આ ગ્રંથના લે. મહાત્મા પંન્યાસજી કેશરવિજયજી મહારાજ છે કે જેઓશ્રીએ શ્રી યોગશાસ્ત્ર, શ્રી મલયાસુંદરી ચરિત્ર, આત્મજ્ઞાન પ્રવેશિકા વગેરે ગ્રંથો લખી જૈન સમાજ ઉપર ઉપકાર કરેલો છે. આ નવલકથામાં પ્રભુ શ્રી મહાવીરના મુખ્ય દશ શ્રાવકો પૈકી પ્રથમ આનંદ શ્રાવકનું ચરિત્ર છે. સાથે શ્રી મહાવીર પ્રભુએ આનંદ શ્રાવકને શ્રાવક ધર્મ પ્રાપ્ત કરાવવાને ઉપદેશ કર્યો છે, તે ગ્રંથકર્તા મહારાજશ્રીએ સાદી અને સરલ ભાષામાં કથા સાથે લખાયેલ છતાં તેમાં સુંદર રીતે તત્ત્વજ્ઞાન ભરેલું છે; તેથીજ આ ગ્રંથ લઘુ છતાં આકર્ષક, મનનીય, જાણવાયોગ્ય ખાસ ઉપયોગી બનેલ છે. આ ગ્રંથના રચનાર મહારાજ શ્રી એક સારા લેખક છે, તે તેમનાં લખેલા ગ્રંથો ઉપરથી સ્પષ્ટ જણાય છે. આ ગ્રંથ દરેક મનુષ્યને વાંચવા અને જાણવા યોગ્ય છે. ઘણા મનુષ્યો લાભ લે તે માટે રાખેલી કિંમત ( આઠ આના ) યોગ્ય છે. આવા આવા ઉપયોગી ગ્રંથો ( કથા સહિત ) વિશેષ લખી જૈનસમાજ ઉપર ઉપકાર કરવાની મહારાજશ્રીને વિનંતિ કરીયે છીયે.

**જૈન સિદ્ધાન્ત કૌમુદી ( અર્ધ માગધી વ્યાકરણ )**—આ વ્યાકરણ ગ્રંથના કર્તા મુનિરાજ શ્રી રત્નચંદ્રજી સ્વામી છે કે જે એક નવિન રચના છે. આવા વ્યાકરણનો ગ્રંથ રચવાનો હેતુ ઉપોદ્ઘાતમાં બતાવેલ છે, છતાં જૈન આગમ વાંચવાના જિજ્ઞાસુને તો તે ખાસ ઉપયોગી છે એમ જણાય છે. પ્રાકૃત ભાષાના વ્યાકરણને લગતા જે જે ગ્રંથો છે તે પણ કર્તા મહાશયે આ ગ્રંથમાં જણાવેલ છે. છેવટે ધાતુપાઠ અને સૂત્રોનો અકારાદિ અનુક્રમ આપી વિદ્યાર્થીને સરલતા કરી આપી છે. પ્રાકૃત ભાષા અને વ્યાકરણના સંપૂર્ણ જ્ઞાન સિવાય આવી રચના થઇ શકતી નથી તેમ આ ગ્રંથ જોવાથી જણાય છે. પ્રયાસ સ્તુત્ય છે. જૈન કોમને ખાસ ઉપયોગી છે. બીકાનેર નિવાસી શ્રી અગરચંદ ભૈરવદાન શેઠે શેઠીયા જૈન ગ્રંથમાળાના પુષ્પ ૫૧ મા તરીકે અને શ્રી ગુલાબવીર-ગ્રંથમાળાના ત્રીજા રત્ન તરીકે પ્રકટ થયેલ છે. કિંમત રૂા. ૧–૮–૦ યોગ્ય છે.

**વીજાપુર બૃહદ્ વૃતાંત**—જે પવિત્ર ભૂમિમાં જે મહાત્માનો જન્મ અને સ્વર્ગવાસ થયો છે તેજ ભૂમિ ( શહેર ) નું ઐતિહાસિક દૃષ્ટિએ તેજ મહાત્મા વૃતાંત લખે તે એક અપૂર્વતા છે. આ ગ્રંથમાં ઐતિહાસિક દૃષ્ટિએ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજે વિજાપુરનું વર્ણન લખ્યું છે કે જે ઉક્ત મહાત્માના નામની સીરીઝનો ૧૦૨ મા નંબરનો આ ગ્રંથ છે. અનેક શિલાલેખો, ગ્રંથો, પ્રશસ્તિઓ વગેરે ઉપરથી સંકલના પૂર્વક કોઇપણ શહેર, દેશ કે સમયનું વર્ણન લખવું એ સહેલું કામ નથી છતાં આ બુકમાં લખાયેલું વીજાપુરનું ઐતિહાસિક વર્ણન તેની પ્રાચીનતા ઉપર બહુજ અજવાળું પાડે છે. ગ્રંથ વાંચતાં, જૈન મંદિરોની હકીકત, રાજાઓના વંશવૃક્ષો સાલ સહિત, નકશો વગેરે અનેક હકીકતો તેમાં સમાવી છે. કોઇપણ વર્ણન ઐતિહાસિક દૃષ્ટિએ આવા લખાવા જોઇએ એમ અમે ખાત્રીપૂર્વક કહીયે છીયે. આ ગ્રંથમાં આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાર્યશ્રીએ ઘણો પ્રયાસ કર્યો છે. ભવિષ્યમાં ઇતિહાસ લખનારને અમુક અંશે ઉપયોગી થશે એમ અમો માનીયે છીયે. કિંમત રૂા. ૧–૪–૦ પ્રકટકર્તા શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ–મુંબઇ.

**કક્કાવળી સુબોધ**—શ્રી બુદ્ધિસાગરજી ગ્રંથમાળાના ૧૦૬ ઠ્ઠા મણુકા તરીકે શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળે પ્રકટ કરેલ છે, આ ગ્રંથના રચયિતા આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર મહારાજ છે. આ ગ્રંથમાં અથી લઇ જ્ઞ સુધી કક્કાવળીમાં જાણે કે સુબોધનો એક કોષ ભર્યો હોય તેમ સદુપદેશથી ભરપુર છે વર્ણન શકિત, વિદ્વતા, સમયનું જાણપણું, બહુશ્રુતપણું સ્વાનુભવ અને વ્યવહાર નિશ્ચયનું જ્ઞાન સંપૂર્ણ અંશે આ ગ્રંથમાં લેખક મહાત્માનું જણાય છે. આ ગ્રંથ સામાજિક, નૈતિક, ધાર્મિક વગેરે અનેક વિષયોનું વિવેચન વિસ્તારથી સાદી અને સરલ ભાષામાં જનસમાજના ઉપકાર માટે લખ્યો છે. આ ગ્રંથ સાદ્યંત વાંચવાથી લેખક મહાત્માએ કેટલો વિશાળ અનુભવ કયાંથી અને કયારે મેળવ્યો હશે ? તેમજ શબ્દ ભંડોળ ઉકત મહાપુરૂષના મગજમાં કેટલું ભર્યું હશે ? તે જાણી પરમ આનંદ થાય છે. આ ગ્રંથ ગુર્જર ભાષામાં છતાં સરલ ભાવવાહી, અલંકાર યુકત છતાં દરેક આ બ લવૃદ્ધ સમજી શકે તેવો હોવાથી સાથે શિક્ષાઓથી ઉભરાતો હોઇ વાચકને આનંદ અને જ્ઞાન બંને પ્રગટ કરાવે તેમ છે. આવી કક્કાવલીવાળા કાવ્યનો આવો સુબોધક ગ્રંથ આવો બીજો કોઇ વિદ્યમાન હોવાનું જણાઇ શકયું નથી. પ્રસ્તાવના મી. પાદરાકરે લખેલી છે તે વાંચવા જેવી છે. કિંમત રૂા. ૧–૪–૦ ગ્રંથના પ્રમાણમાં પ્રચાર કરવાના હેતુથી યોગ્ય રાખેલ છે.

## શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરિસ્મારક ગ્રંથ.

આ બુક આચાર્યશ્રીના સ્વર્ગવાસ પછી તેમના સ્મણાર્થે અને ભકિતનિમિતે શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળે પ્રકટ કરેલ છે. આ ગ્રંથમાં આચાર્યશ્રીનું જીવનવૃતાંત વિસ્તારથી આપવા સાથે જુદી જુદી અવસ્થાની છબીઓ આપી જીવન રૂપરેખા આકર્ષક બનાવી છે. તેઓશ્રીના સ્વર્ગવાસ પછી તેઓશ્રી પરત્વે જૈન સમાજની કેવી ભકિત અને સેવકપણું હતું તે બતાવનારા તારો, કાગળો, અને પેપરોમાં આવેલા લેખોનો સંગ્રહ આપી અનેક મનુષ્યોની ગુરૂભકિત કેવી હતી, તે બતાવ્યું છે. ગુરૂશ્રીના શુભ પ્રયત્નના ફળરૂપ પુસ્તક ભંડાર વિજાપુર સંઘને ગુરૂમંદિર બંધાવવા ઉપદેશ આપી અર્પણ કર્યો તે જ્ઞાન મંદિરની છબી પણ આપેલ છે, એકંદરે પુરેપુરી ગુરૂભકિત પ્રકટ કરનાર સંસ્થાએ બતાવી છે. કિંમત બાર આના.

# સાભાર સ્વિકાર.

નીચેના ગ્રંથો વગેરે ભેટ મળ્યા છે જે આભાર સાથે સ્વીકારવામાં આવે છે.

૧ **શોભન મુનિ આદિ**—સંસ્કૃત સ્તુતિ વગેરે ઝવેરી પ્રેમચંદ કલ્યાણચંદ.

૨ **ચૈત્યવંદન ચોવીશી**—સુરત સંઘ વગેરે.

૩ શ્રી સિદ્ધક્ષેત્ર પાલીતાણા શ્રી વર્ધમાન તપ ખાતાનો બીજો હિસાબ અને રિપોર્ટ શાહ લાલચંદ લીલાધર.

૪ ઠક્કર માણેકલાલ ધનજી લોહાણા પુસ્તકાલય અને મફત વાંચનાલય ભાવનગર આ સંસ્થાન સેક્રેટરીઓ હરીલાલ લલ્લુભાઇ વગેરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## " કાવ્ય સાહિત્યનો અપૂર્વ ગ્રંથ. "

# " કાવ્ય સુધાકર. "

( રચયિતા—આચાર્ય શ્રી અજીતસાગરજી મહારાજ. )

કાવ્યકલા અને સાહિત્યનો એક સુંદર નમુનો કે જે સામાયિક રસથી ભરપૂર છે, તેવા હૃદયદ્રાવક ૪૩૫ વિવિધ કાવ્યનો સંગ્રહ છે. આ કાવ્યોમાં કાવ્યઝરણુનો નિર્મળ પ્રવાહ અસ્ખલિતપણે વહે છે, જે આ ગ્રંથમાં સંપૂર્ણ કળામાં દીપી નીકળે છે, જેથી વાચકને રસ ઉત્પન્ન કરે છે. આ ગ્રંથમાં ચાર વિભાગ ૧ કાવ્ય કિરણાવલી, ૨ કાવ્ય કૌમુદી, ૩ સાહિત્યસાર અને ૪ શ્રી આનંદઘનજી પદનો કાવ્ય ( કવિતા ) રૂપે અનુવાદ એ ચારનો સમાવેશ કરવામાં આવેલો છે. તમામ કાવ્યો એકંદર સરલ, સુંદર, રસયુક્ત, હૃદયદ્રાવક, અને ભાવવાહી છે. સામાજીક, નૈતિક, ધાર્મિક, વિષયો સાથે પ્રાસંગિક અને કુદરતી વર્ણનોથી બનેલાં આ કાવ્યો હોઇને દરેક મનુષ્યને ઉપયોગી છે. દરેક મનુષ્યે લાભ લેવા જેવું છે. ઉંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપથી છપાવી સુંદર રેશમી કપડાના પાકા બાઇંડીંગથી અલંકૃત કરેલ સાડાચારસો પાનાનો આ ગ્રંથ છે. કિંમત રૂા. ૨–૮–૦ પોસ્ટેજ જુદું.

મળવાનું ઠેકાણું—" શ્રી જૈન આત્માનંદ સભા "—ભાવનગર.

---

## છપાઇ તૈયાર થયેલ અપૂર્વ ગ્રંથ.

# " गुरुतत्त्व विनिश्चय । "

પ્રસ્તુત ગ્રંથના કર્તા ન્યાયાચાર્ય મહોપાધ્યાય **શ્રીમાન્ યશોવિજયજી** મહારાજ છે. ગુરૂ-તત્ત્વના સ્વરૂપનો સંગ્રહ વાંચકોને એકજ ઠેકાણે મળી શકે એવા ઉદ્દેશથી તેઓશ્રીએ જૈનાગમોનું દોહન કરી પ્રસ્તુત ગ્રંથમાં તેવા સંગ્રહને રોચક અને સરલ છતાં પ્રૌઢભાષામાં વર્ણવેલો છે. જેનો ખ્યાલ વિદ્વાન્ વાચકોને ગ્રંથના નિરીક્ષણથી આવી શકશે.

સંસ્કૃત ભાષાને નહી જાણનાર સાધારણ વાચકો પણ પ્રસ્તુત ગ્રંથ માટેની પોતાની જિજ્ઞાસા પૂર્ણ કરી શકે તે માટે ગ્રંથની આદિમાં સંપાદકે ગ્રંથનો તેમજ તેના કર્તાનો પરિચય કરાવી ગ્રંથનો તાત્ત્વિક સાર તથા વિષયાનુક્રમ આદિ ગુજરાતી ભાષામાં આપેલ છે. અને અંતમાં ઉપયોગી પરિશિષ્ટો તથા ઉપાધ્યાયજીના અજ્ઞાત બે અપૂર્વ ગ્રંથોનો ઉમેરો કરવામાં આવ્યો છે.

ખપી મુનિમહારાજો તેમજ ગૃહસ્થોએ મંગાવવા સાવધાન રહેવું. દરેક લાભ લઇ શકે તે માટે કિંમત અડધી રાખવામાં આવી છે. કિંમત રૂા. ૩–૦–૦ ટપાલ ખર્ચ જુદું પડશે. અમારે ત્યાંથી મળી શકશે.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભ્રાતૃત્વ.

"ભ્રાતૃત્વ બાહ્ય અવસ્થા છે; અર્થાત્ એ આપણે ભ્રાતૃભાવને પાળતા હોઇએ અને સર્વની એક સંપત્તિ, એક હિતાકાંક્ષા અને એક ચેષ્ટા હોય, તો એ સ્થિતિને જ ભ્રાતૃત્વ કહેવામાં આવે છે. બાહ્ય અવસ્થા અંતરના ભાવમાં પ્રતિષ્ઠિત થાય છે. ભ્રાતૃપ્રેમથી ભ્રાતૃત્વ સજીવન તથા સત્ય થાય છે. સારાંશ કે આપણને એજ ભ્રાતૃપ્રેમની પ્રતિષ્ઠા જોઇએ છે. આપણે એકજ માતાનાં સંતાનો છીએ, દેશબંધુ છીએ, એ ભાવ એક પ્રકારે ભ્રાતૃપ્રેમની પ્રતિષ્ઠા સમાન છે. કિંતુ એજ ભાવ રાજનૈતિક એકતા માટે બંધનરૂપ થઇ પડે છે અને એથી સામાજીક એકતા પણ પ્રતિષ્ઠિત થઇ શકતી નથી, સંપૂર્ણ ભ્રાતૃપ્રેમની સિદ્ધિ માટે એથી પણ અધિક ગંભીર સ્થાનમાં પ્રવેશ કરવાની આવશ્યકતા છે; અર્થાત્ જેવી રીતે આપણે આપણા દેશમાં પોતાની માતાની પૂજાનો અતિક્રમ કરીને સર્વ દેશબંધુઓની માતાની ઉપાસના કરીએ છીએ તેવી જ રીતે આપણી પોતાની જન્મભૂમિનો અતિક્રમ કરીને જગજ્જનનીને પ્રાપ્ત કરવી પડશે, ત્યારે જ એ સંપૂર્ણ ભ્રાતૃપ્રેમને સાધી શકાશે, સારાંશ કે ખંડશક્તિનો અતિક્રમ કરીને સંપૂર્ણ શકિતના પ્રદેશમાં પહોંચવું પડશે; તથાપિ જેવી રીતે ભારતજનનીની ઉપાસનામાં લીન થતાં આ દેહની જનનીનો અતિક્રમ કરવા છતાં પણ આપણે તેને સર્વથા વિસારી દેતા નથી, તેવીજ રીતે જગજ્જનનીની ઉપાસનામાં લીન થતાં ભારતજનનીનો અતિક્રમ કરવા છતાં આપણે આપણી ભારતજનનીને સર્વથા વિસારી દેવાની નથી એ અવશ્ય લક્ષમાં રાખવું જોઇએ; કારણકે તે પણ કાલ છે અને તે પણ માતા છે!'

"ધર્મ જ ભ્રાતૃભાવની પ્રતિષ્ઠા છે. સર્વ ધર્મોનું એજ વિધાન જોવામાં આવે છે કે આપણે સર્વ એક છીએ; અર્થાત્ સર્વ ધર્મોનું જો કોઇ પણ મૂલ શિક્ષણ હોય તો તે કેવળ પ્રેમ, પ્રેમ અને પ્રેમ જ છે. આપણો ધર્મ પણ એમ જ કહે છે કે આપણે સર્વ એક છીએ, ભેદબુદ્ધિ અજ્ઞાનનું લક્ષણ છે, જ્ઞાનીજનો સર્વને સમદૃષ્ટિથી જ નીહાળે છે અને સર્વમાં એક આત્મા તથા સમભાવથી પ્રતિષ્ઠિત એક જ પ્રભુનો સાક્ષાત્કાર કરે છે. એ ભક્તિપૂર્ણ સમતામાંથીજ વિશ્વપ્રેમનો ઉદ્ભવ થાય છે, પરંતુ આ જ્ઞાન માનવજાતિનું પરમ કિંવા અંતિમ મંતવ્ય સ્થાન હોવાથી અને આપણી શેષ અવસ્થામાં એ જ્ઞાન કયારે સર્વવ્યાપક થશે એનો નિશ્ચય ન હોવાથી એ સર્વ વ્યાપક થાય તે પૂર્વે એની અંશિક પ્રાપ્તિની અંતરમાં, બહિર્ભાગમાં, પરિવારમાં, સમાજમાં, દેશમાં તથા સર્વભૂતોમાં અનિવાર્ય આવશ્યકતા છે. માનવજાતિ પરિવાર, કુળ, દેશ તથા સંપ્રદાય આદિને ઉત્પન્ન કરીને તેમજ શાસ્ત્ર કિંવા નિયમોના બંધનને દૃઢ કરીને એ ભ્રાતૃત્વના સ્થાયી આધારને ઘડવાનો ચિરકાળથી પ્રયાસ કરતી આવી છે અને અત્યારસુધી તેનો એ પ્રયાસ વિફળ થયેલો છે. જો કે પ્રતિષ્ઠા પણ છે અને આધાર પણ છે; પરંતુ ભ્રાતૃત્વના પ્રાણની રક્ષા કરી શકે એવી કોઇ એક અક્ષય શક્તિની આવશ્યકતા છે કે જેના યોગે તે પ્રતિષ્ઠા અક્ષુણ્ણ તથા તે આધાર ચિરસ્થાયી કિંવા નિત્ય નૂતન સ્વરૂપમાં રહી શકે. ભગવાને અદ્યાપિ એ શક્તિનો પ્રકાશ કર્યો નથી અને ભગવાન એ શક્તિનો પ્રકાશ કયારે કરશે એ નિશ્ચયપૂર્વક કહી શકાય તેમ નથી. તે દિવસ આવશે તો અવશ્ય પણ કયારે આવશે તે નિશ્ચિત નથી."

"અરવિન્દ વિચારમાળા" માંથી.

For Private And Personal Use Only